સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-
ડિસેમ્બર, ૨૦૨૧



અસંખ્ય હૈયાંના ધબકાર સમા
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને
શતાબ્દી વર્ષે કોટિ કોટિ વંદન...

ગોંડલમાં તીર્થરાજ અક્ષરમંદિરમાં બિરાજમાન સ્વામીશ્રીએ પ્રબોધિની એકાદશી પર્વે ઠાકોરજીને તાજાં શાકભાજીનો ભોગ અર્પણ કરીને ભક્તિભાવપૂર્વક આરતી ઉતારી તેની મંગલ સ્મૃતિછબિઓ... (તા. ૧૫-૧૧-૨૦૨૧)

શતાબ્દી પ્રકાશમાળા

સંપાદકીય

સહજાનંદનો સહજ આનંદ...



શ્રીમદ્ ભગવદ્ ગીતાના વિભૂતિ યોગમાં માગશર માસને યાદ કરીને ભગવાન કહે છેઃ

'માસાનાં માર્ગશીર્ષોઽહમ્...'

અર્થાત્ મહિનાઓમાં માગશર મહિનો એ મારું સ્વરૂપ છે.

આ માસની પૂર્ણિમાએ આકાશમાં મૃગશીર્ષ નક્ષત્ર હોય છે. તેથી તેનું નામ માર્ગશીર્ષ પડ્યું છે. જેમ આધુનિક સમયમાં કાર્તિક મહિનાથી વરસનો આરંભ થાય છે તેમ વૈદિક યુગ અને મહાભારત યુગમાં વર્ષનો આરંભ માગશર મહિનાથી થતો હતો. મહાભારતમાં નિર્દેશ મળે છે કે યુધિષ્ઠિર રાજાના રાજ્યકાળમાં માગશર મહિનાથી વર્ષનો આરંભ થતો હતો. મહાભારતની કાલ-ગણનાના આધારે એ સ્પષ્ટ છે કે ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ ગીતાનું અદ્‌ભુત જ્ઞાન ઉચ્ચાર્યું ત્યારે પણ માગશર મહિનો હતો. આથી જ માગશર શુક્લ એકાદશીએ ગીતા જયંતી ઊજવવાની પરંપરા રહી છે.

ચાતુર્માસના વરસાદની હેલી પડ્યા પછી નવા ધાન્યના પ્રાશન માટે પણ માગશર માસ ઉત્તમ ગણાતો હતો. માગશરમાં ઋતુ અને મુહૂર્તો પણ સુખપ્રદ રહે છે અને એટલે જ લગ્નોત્સવો કે માંગલિક પ્રસંગોનાં મુહૂર્તોની દૃષ્ટિએ કે આરોગ્યની દૃષ્ટિએ પણ તે જ માસ વધુ ઉત્તમ મનાય છે. આવાં અનેક કારણોસર ભગવાને માગશર મહિનાને ઉત્તમ માની, પોતાની વિભૂતિ તરીકે આ મહિનાને ગણાવ્યો હોય તે સમજી શકાય તેમ છે. કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે, અત્યારના યુગમાં પોષ માસમાં સૂર્યનું ઉત્તરમાં અયન થાય છે તે શ્રીકૃષ્ણના સમયે માગશરમાં થતું હતું.

આવા, ભગવાનની વિભૂતિરૂપ માગશર માસમાં એક અખંડ અમર રહેવા માટે જન્મેલી પવિત્ર પળ પણ આવી ગઈ, માગશર સુદ આઠમના દિને. એ પળ એટલે - આ વસુંધરા પર નાનકડા ચાણસદ ગામે વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજનું અવતરણ.

વર્ષ હતું - સન ૧૯૨૧નું, વિક્રમ સંવત ૧૯૭૮નું.

એ વાતને આજે સો વર્ષ વીતી રહ્યાં છે અને વિશ્વભરમાંથી લાખો લોકો તેમને હૃદયથી યાદ કરીને, તેમના અનંત ઉપકારોની સ્મૃતિ કરીને વંદના કરી રહ્યા છે ત્યારે, વીસ વર્ષ પહેલાં મહંત સ્વામી મહારાજે તેમનાં ચરણે અર્પણ કરેલી એક ચિંતનીય લેખાંજલિ અહીં માણીએઃ

'એકબીજાને વ્યવહાર પડ્યાથી સાધુતાની ખબર પડે છે. તે વિના સાધુપણું જણાતું નથી.'

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની આ વાત(૧/૩૨૬) સાધુતાની કસોટી સમાન છે. મનમોજી વર્તન રાખી, સર્વેથી અલગ પડી, એકલપણું ભોગવી, સાધુપણું રાખવું તેમાં શું મોટી વાત છે? પ્રવૃત્તિમાં સ્વભાવનાં ઘર્ષણ થાય; માન, ઈર્ષ્યા, ક્રોધ, રાગ-દ્વેષ, પક્ષાપક્ષી, મારું-તારું અહં-મમત્વના ખેલ ખેલાય; તેની વચ્ચે પણ સાધુતા રહે તે ખરું. તેથી આગળ, આ બધામાં ચિત્તની પ્રસન્નતા રહે તે તો ગુણાતીત જ કહેવાય.

પ્રમુખસ્વામી મહારાજ એક એવા વિરલ ગુણાતીત સંત છે. વ્યવહાર વચ્ચે રહીને તેમણે ચિત્તની પ્રસન્નતારૂપ મહા-મહાસિદ્ધિ મેળવી છે, ભોગવી રહ્યા છે. આ સર્વ સિદ્ધિઓની સિદ્ધિ છે. આનાથી મોટી કોઈ સિદ્ધિ જ નથી. માની લ્યો, ચિત્તની પ્રસન્નતા હોય તો પણ અખંડ ચિત્તની પ્રસન્નતા એ તો અતિ દુર્લભ સિદ્ધિ છે. પ્રમુખસ્વામી મહારાજને અપાર જવાબદારીઓ છે, લાખો

“

ભક્ત થાય એની કસોટી થાય. કસોટી કરીને ભગવાન જુએ છે કે એ સાચો ભક્ત છે કે ખોટો? સોનું ને પિત્તળ દેખાવે સરખું લાગે, પણ એની કસોટી થાય ત્યારે ખબર પડે. એ કસોટીમાં જે પાસ થાય એના પર ભગવાન પ્રસન્ન થઈ જાય છે અને એને વશ થઈ જાય છે. માટે કસોટી થાય ત્યારે ધીરજ રાખવી...

– પ્રમુખસ્વામી મહારાજ

”

ક્રમિકા

૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય

૬. શતાબ્દી સ્મૃતિઃ મોક્ષદ્વારં અપાવૃતમ્

૮. શતાબ્દી બોધકથા

૧૦. શતાબ્દી અનુભૂતિઃ ડૉ. વિજય ભાટકર

૧૧. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૧૯. ઇંગ્લેન્ડના માંચેસ્ટર-આસ્ટન અને બર્મિંગહામમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૨૨. ફ્રાન્સની રાજધાની પેરિસમાં રચાનાર નૂતન મંદિરમાં યોજાયો ભૂમિપૂજન વિધિ

૨૪. દિવાળી પર્વે યુ.કે.ના વડાપ્રધાન લંડનના બી.એ.પી.એસ. મંદિરની દર્શન-મુલાકાતે

૨૫. જેક્સન શહેર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૨૭. ઓસ્ટ્રેલિયાના પાર્લામેન્ટ ભવનમાં સંસ્થા દ્વારા અન્નકૂટોત્સવની ઉજવણી

૨૮. સારંગપુર ખાતે ગુરુહરિની ઉપસ્થિતિમાં યોજાયો બાળ-બાલિકા કારિકા મુખપાઠ સન્માન સમારોહ

૩૦. બી.એ.પી.એસ. સંસ્થાના વિવિધ વૃત્ત

૩૨. અક્ષરવાસ

૩૪. યોગાસન

શિષ્યો, સેંકડો સંતો, ૫૦૦ મંદિરો, કેટલાં નવાં થઈ રહ્યાં છે, પણ આ બધી પ્રવૃત્તિઓ વચ્ચે ચિત્તની પ્રસન્નતા અકબંધ રહે છે! આપણે બધાને પણ જવાબદારીઓ છે, પણ કેટલા તણાવમાં રહીએ છીએ? સ્વભાવ કેવા કૂદી-કૂદીને બહાર પ્રવૃત્તિના મેદાનમાં આવે છે ? કેવી રમખાણ મચાવે છે ? ચિંતામાં કેવા ડૂબી જઈએ છીએ ? જાત-જાતનું, ભાત-ભાતનું થાય છે. પરંતુ જ્યાં બધા અપસેટ(upset) ત્યાં સ્વામીશ્રી સેટ(set), સ્થિર-ધીર-નિશ્ચિંત, હળવાફૂલ ! વળી, સંજોગો ઊંધા-ચત્તા થાય કે જે થાય તે, પણ સ્વામીશ્રીના ચિત્તની પ્રસન્નતાના કારણે બધું શમી જાય છે અને તેમની કૃપાથી સામાન્ય વ્યક્તિ પણ, સામાન્ય સાધન-સંજોગોમાં અસામાન્ય કાર્ય કરી બતાવે છે! Best management is that where common people with common means and in common circumstances do uncommon things. આ સ્વામીશ્રીના ચિત્તની પ્રસન્નતાનું પરિણામ છે.

વળી, ચિત્તની પ્રસન્નતા માટે તેમને ધ્યાનમાં બેસવું પડતું નથી, યોગ સાધવો પડતો નથી, એકાંત સેવવું પડતું નથી, ક્રિયા અને જવાબદારીઓમાંથી અને ભજન-ભક્તિ પૂજા-પાઠમાંથી નિવૃત્તિ લેવી પડતી નથી. તેમને સહજાનંદનો સહેજે આનંદ રહે છે.

સહજાનંદના સહજ-આનંદનું કારણ એ છે કે સ્વામીશ્રીનું ચિત્ત ૧૦૧% મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજમાં ખેંચાઈ ગયું છે. શ્રીજીમહારાજે પ્રથમ પ્રકરણના ૨૫મા વચનામૃતમાં વાત કરી કે જે ભક્તની ચિત્ત-વૃત્તિ ભગવાનના સ્વરૂપને વિષે જોડાણી તેને અષ્ટાંગ-યોગ વગર સાધે સધાઈ રહ્યો. સ્વામીશ્રી તો અનાદિના ગુણાતીત સંત છે. બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ સાથે. પણ સમજવા માટે (પ્રેક્ટિકલ થવા માટે) સ્વામીશ્રીને આ રીતે સમજીએ. સ્વામીશ્રી છે એવા નહીં, પણ દેખાય છે એવી રીતે લઈએ તો સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજમાં એવા તો ખેંચાણા, એવા તો ખેંચાણા કે તેમનું ચિત્ત સંપૂર્ણ રીતે, યથાવત્ શાસ્ત્રીજી મહારાજમાં ઓતપ્રોત થઈ ગયું. તે સ્વરૂપ બની ગયા. અને શ્રીજીમહારાજના કહ્યા પ્રમાણે, તે વૃત્તિ કોઈની હટાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હટતી જ નથી.

ભગવાન કહે છે :

ब्रह्मभूतः प्रसन्नात्मा
न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु
मद्भक्तिं लभते पराम् ॥

અર્થાત્ જે બ્રહ્મરૂપ થયો છે, કહેતાં આત્મસ્વરૂપનો જેને આવિર્ભાવ થયો છે અને પ્રસન્નમન છે એટલે ક્લેશ કર્માદિ દોષથી જેનું મન કલુષિત નથી અને કશાયનો પણ શોક કરતા નથી, તેમ કોઈ પદાર્થને ઇચ્છતા નથી, સર્વ ભૂતમાં જે સમ છે, એટલે કોઈનો પણ આદર નહીં કરનારા અર્થાત્ સર્વ વસ્તુને તૃણવત્ માને છે, તે ભક્ત મારે વિષે પરાભક્તિને પામે છે. અર્થાત્ જેને આત્માનો સાક્ષાત્ અનુભવ થયો

હોય તેને જ પરાભક્તિમાં અધિકાર થાય છે. શંકરાચાર્ય ચર્પટમંજરિકામાં લખે છે:

योगरतो वा भोगरतो वा
सङ्गरतो वा सङ्गविहीनः ।
यस्य ब्रह्मणि रमते चित्तं
नन्दति नन्दति नन्दत्येव ॥

યોગ સાધે કે ભોગ ભોગવે, સંગરહિત કે સંગસહિત વર્તે, જેનું ચિત્ત ભગવાનમાં રમમાણ છે તે અખંડ આનંદમાં જ રહે છે, આનંદમાં જ રહે છે, આનંદમાં જ રહે છે. એટલે કે ચિત્તની પ્રસન્નતા સામાન્ય-મામૂલી વસ્તુ નથી. બ્રહ્માનંદ, નિજાનંદ, પરમાનંદ, અખંડાનંદ એવો સર્વોપરી આનંદ છે. કેટલાય ગુણોનો સમન્વય છે. સંપૂર્ણપણે ત્રણ દેહ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થાની નિવૃત્તિનું ફળ છે. સર્વે ગુણોથી સંપન્ન, સર્વે દોષે રહિત સ્વામીશ્રીએ આ ગુણો સાધનાથી મેળવેલા નથી. તેઓ અનાદિસિદ્ધ છે. ભગવાનને વિશે, પરા-ભક્તિના કારણે અનંત ગુણો તેમનામાં છે. આપણું ચિત્ત પણ જેટલું સ્વામીશ્રીમાં ખેંચાશે એટલા ભગવાનના ગુણ પાકે પાયે આપણામાં આવશે. બાકી ગુણો મેળવી બ્રહ્મ થવું અશક્ય છે. બ્રહ્મના સંગે જ બ્રહ્મ થવાય. સ્વામીશ્રીની ચિત્તની પ્રસન્નતાનો એક પ્રસંગ યાદ આવે છે : મુંબઈમાં એક સમય અલ્પાહાર કરી સ્વામીશ્રી તે સ્થાનેથી ઊઠી ન શક્યા. કારણ, હરિભક્તોને મળવાનું શરૂ થઈ ગયું. લગભગ ૫૦ જેટલાએ તો અંગત પ્રશ્નોમાં માર્ગદર્શન મેળવ્યું હશે. એક જ જણની વાતો - દુઃખ, મુશ્કેલીઓની વાત સાંભળોને તો ભેજું આઉટ(out) થઈ જાય! સ્વામીશ્રી બધાને મળી પ્રાર્થના, ધૂન કરી, આશીર્વાદ આપી બહાર આવ્યા. અમે સંતો બેઠા હતા, પણ સ્વામીશ્રીને એકદમ પ્રસન્નચિત્ત જોયા. જરાય થાક કે કંટાળો નહીં. અમારા આનંદમાં એમણે પોતાનો આનંદ ઠાલવ્યો. સવા બાર વાગી ગયા હતા. ચાર-ચાર કલાક એક જ આસને સૌની વિટંમણાઓમાં ભાગીદાર થવા છતાં સ્વામીશ્રી જરાય કંટાળ્યા ન હતા! સ્વામીશ્રી ક્યારેય ચિંતિત દેખાતા નથી, થાકેલા દેખાતા જ નથી. જાણે કોઈ કામ જ નથી કે કાંઈ કરતા નથી, નવરા હોય એવું મુખારવિંદ રહે છે, પણ એક ક્ષણ નવરા રહેતા નથી. આરામ તો કથનમાત્ર છે. સાથે હરિકૃષ્ણ મહારાજ છે, પણ તેમનું અખંડ અનુસંધાન, ભગવાનના સર્વકર્તાપણાનું અખંડ અનુસંધાન. સંતો-હરિભક્તો તો એમનું સર્વસ્વ છે. પોતાની ક્ષણે-ક્ષણ એમના માટે જ છે. પોતાની દેહક્રિયા પણ ભૂલી જાય છે. ભજન-ભક્તિ, સેવા, કથાવાર્તા, ઉપદેશાત્મક વચનો, ઠાકોરજીનાં દર્શન, પૂજા બધું જ પોતા માટે જ કરે છે. બીજાને ઉપદેશ આપવા, દાખલો બેસાડવા, વર્તાવવા, દેખાડવા નહીં. બધું સહેજે જ કરે છે. કારણ, સહજાનંદ સિવાય એમને કાંઈ છે જ નહીં. સહજાનંદનો સહજ-આનંદ. સહજાનંદના સહજ આનંદમાં હંમેશાં તલ્લીન રહીને સૌને તે દિવ્ય આનંદ વહેંચતા પ્રમુખસ્વામી મહારાજને, તેઓની જન્મજયંતી પર્વે કોટિ કોટિ વંદન... ◆

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः ।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात् ॥

સ્વામિનારાયણ પ્રકાશ

સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

વર્ષ : ૮૩, અંક : ૧૨, ડિસેમ્બર, ૨૦૨૧

સંસ્થાપક: બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
પોષક : બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

પ્રકાશક : સ્વામિનારાયણ અક્ષરપીઠ
તંત્રી : સાધુ સ્વયંપ્રકાશદાસ
પરામર્શકો : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
સંપાદકો : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
કલાનિર્દેશક : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
વ્યવસ્થાપક : સાધુ નિખિલેશદાસ
મૂળ વાર્ષિક લવાજમ : રૂા. ૧૯૦/-
ઘટાડેલું લવાજમ : રૂા. ૧૨૫/-
પરદેશમાં લવાજમ : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

લેખો અંગે પત્રવ્યવહાર:
prakash@in.baps.org
‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

લવાજમ અંગે પત્રવ્યવહાર:
magazines@in.baps.org
‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.

Website:
www.baps.org, magazines.baps.org

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક પ્રસંગસ્મૃતિઓ...

શતાબ્દી સ્મૃતિ



મોક્ષદ્વારં અપાવૃતમ્...

ડિસેમ્બર મહિનાની કડકડતી ઠંડી હતી. મધ્ય ગુજરાતમાં વડોદરા પાસે વાઘોડિયા તાલુકામાં આવેલું નાનું સરખું અંટોલી ગામ હજારો ભક્તો-ભાવિકો અને જિજ્ઞાસુઓથી ઊભરાતું હતું.

કારણ એ હતું કે આજે આ ગામમાં પ્રમુખસ્વામી મહારાજની પધરામણી થઈ રહી હતી. જો કે આ કંઈ પ્રથમ વખતની પધરામણી નહોતી. આ પહેલાં પણ પ્રમુખસ્વામી મહારાજે કંઈક વાર આ ગામમાં પધરામણી કરી હતી. દરેક વખતે ભક્તોનો ભાવ એવો ને એવો જ ઉષ્માભર્યો છલકાતો રહેતો હતો, પરંતુ આજે તેઓના સ્વાગતમાં ઊમટેલા માનવ-મહેરામણમાં કેટલાકનું અંતર અહોભાવ ઘૂંટતું હતું, તો કેટલાકનું હૈયું અચરજ અનુભવી રહેલું.

થોડા સમય પૂર્વે અક્ષરવાસ પામેલા ગામવાસી શ્રી ભાઈલાલભાઈ પટેલના ધામગમનની આગોતરી જાણ કરતાં સ્વામીશ્રીએ તા. ૨૬-૫-૧૯૭૭ની રાત્રે અગિયારેક વાગ્યે આ ભક્તના પુત્રને ફોન જોડી જણાવી દીધેલું કે 'અમારે ભાઈલાલભાઈનાં ખબર-અંતર પૂછવા હૉસ્પિટલમાં આવવું હતું, પણ આવી શક્યા નથી. પરંતુ તમે હવે આવતીકાલે સવારે તેઓને ઘેર લઈ જજો. કાલે બપોરે બાર વાગ્યે અમે તેઓને અક્ષરધામમાં તેડી જઈશું.'

સ્વામીશ્રીના આ વચનમાં વિશ્વાસ રાખી ભાઈલાલભાઈના સુપુત્ર શ્રી રજનીભાઈ પોતાના પિતાને વડોદરાની હૉસ્પિટલમાંથી સવા દસેક વાગ્યે ઘેર લઈ આવ્યા હતા. જો કે ત્યારે તેઓનું આ પગલું ઘણાને ઉતાવળિયું લાગેલું. કેટલાકે તો આ દીકરાના પુત્રધર્મ પર પણ શંકાની સોય તાકેલી. તેની સાથે એવા અનેક હતા કે જેઓના વર્તુળમાં ચકચાર ઊપડેલી કે 'શું આ રીતે કોઈના આવરદાના અંત વિષે આટલું ચોક્કસપણે કહી શકાય ખરું ?!'

આ કારણે જ, તા. ૨૭-૫-૧૯૭૭ની એ બપોરે ઘડિયાળનો કાંટો જેમ-જેમ બાર વાગ્યા તરફ સરકવા લાગ્યો તેમ-તેમ અંટોલીના સીમાડે તળ ગામનાં અને સમીપવર્તી ગામડાંઓના મનુષ્યો ઊમટવા લાગ્યા. તેમાં કો'ક કો'ક તો ચમત્કાર બને તો વધાવવાની સાથે, જો કહ્યા મુજબ ન બને તો વગોવવાની વેતરણમાંય ખરા !

આવા કંઈક મનોભાવો સાથે ગામના પાદરે જમા થઈ રહેલી મેદનીમાં સરપંચ તો વળી કંઈક આગવો જ અજંપો અનુભવી રહેલા. કારણ કે પ્રમુખસ્વામી મહારાજે તેઓને લખેલા પત્રમાં ભાઈલાલભાઈ અક્ષરવાસી થાય ત્યારે એમની અંતિમવિધિ ગામની ભાગોળે કરવાનું તો કહ્યું હતું, પરંતુ વધુમાં જણાવેલું કે 'ભાઈલાલભાઈ ધામમાં જાય ત્યારે તેઓને નવાં પાણીથી નવડાવજો.'

સામાન્ય રીતે ચોમાસામાં આકાશમાંથી વાદળાં વરસે ત્યારે જે પાણી આવે તેને નવું પાણી કહેવાય છે. ભર ઉનાળામાં આ નવું પાણી લાવવું ક્યાંથી? આ મૂંઝવણ સરપંચની સાથે સંબંધીઓનેય મૂંઝવી

અંટોલી ખાતે ભક્તોની ભાવ ભરી ભીડ વચ્ચે પ્રમુખસ્વામી મહારાજના પથભ્રમણનું એક સ્મરણીય દૃશ્ય... (તા. ૨૩-૧-૧૯૯૮)

રહી હતી.

આમ, તા. ૨૭-૫-૧૯૭૭ના એ દિવસે ચારેકોર પથરાયેલાં આશ્ચર્ય, અજંપો, અહોભાવ અને આતુરતાના ચંદરવા નીચે બેઠેલા સૌ ભાઈલાલભાઈના ઘરે જમા થયા હતા. ભાઈલાલભાઈના ખાટલાની આજુબાજુ બેસીને સૌ નજીક ધૂન-ભજન કરતા હતા. તે જ વખતે ઘડિયાળમાં બાર વાગ્યાની સૂચના આપતો પહેલો ટકોરો પડ્યો. તેનો પડઘો શમ્યો - ન શમ્યો, ત્યાં તો બીજો... ત્રીજો... અને ચોથા ડંકે તો ભાઈલાલભાઈના પ્રાણ પ્રયાણ કરી ગયા!

સ્વામીશ્રીએ જેમ કહ્યું હતું તેમ જ બન્યાનો આ પુરાવો સૌ પચાવે ત્યાં જ આકાશમાંથી ચંદનના છાંટણાં પડ્યાં. ચંદનનાં આ છાંટણાંએ સ્વામિનારાયણ ભગવાન અંતકાળે તેડવા આવ્યાની જાણે સાક્ષી પૂરી! એટલું જ નહીં, અક્ષરનિવાસી ભક્તનાં પત્ની સહિત ઘણાંને એવાં દર્શન પણ થયાં કે આ ભક્તને અંતકાળે તેડવા માટે સ્વામિનારાયણ ભગવાનની સાથે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ પણ દિવ્ય દેહે પધાર્યા છે!

સૌનું આ આશ્ચર્ય શમે તે પહેલાં, ઉનાળાની એ બળબળતી બપોરે અચાનક જ આકાશમાં વાદળાં છવાવાં લાગ્યાં અને થોડી જ ક્ષણોમાં ધીમી ધારે વરસાદ પણ વરસવા લાગ્યો! બળબળતા ઉનાળાની આ વૃષ્ટિના એક-એક બુંદ દ્વારા પ્રમુખસ્વામી મહારાજનો પ્રૌઢ પ્રતાપ જ નીતરી રહેલો સૌ અનુભવી રહ્યા.

સદ્‌ગતના નશ્વર દેહને નવાં પાણીથી નવડાવી શકાય એટલી ત્રણેક બાલદી પાણી ભરાયું ત્યાં જ વરસતો વરસાદ અટકી ગયો! તેણે 'નક્કી આ સ્વામીશ્રીનું જ કર્તવ્ય'ની ચોક્કસતા પર મહોર મારી આપી. તેથી આખા પંથકમાં *'એવા જન મળે જેને જેને રે, અક્ષરધામે આપે વાસ તેને રે...'* રૂપે સ્વામીશ્રીની દિવ્યતા લોકજીભે રમવા લાગેલી.

આજે આવા સ્વામીશ્રીનું અંટોલીમાં આગમન થતાં ભાવ-સદ્‌ભાવનું એક અનોખું વાતાવરણ જામી ગયું હતું. તેની વચ્ચે સ્વામીશ્રીએ સવારે અક્ષરવાસી ભાઈલાલભાઈના ઓટે ચરણારવિંદની પ્રતિષ્ઠા કરી. તે સાથે આ સ્થાન સ્વામીશ્રીના અપરિમિત ઐશ્વર્યની સાક્ષી પણ પૂરવા લાગ્યું.

જો કે સૌથી મોટી આશ્ચર્યની વાત તો એ હતી કે સ્વામીશ્રીએ પોતાના આ દિવ્ય ઐશ્વર્યનું ગૌરવગાન કરવાને બદલે, સ્વામિનારાયણ ભગવાનની જ દિવ્ય કૃપા અને તેમના જ દિવ્ય પ્રતાપનો મહિમા ગાયો, અને પોતાને ભગવાનના એક દાસ-સેવક ગણાવીને તેમની અપરિમિત દાસત્વ ભક્તિનું દર્શન કરાવ્યું. અંટોલી ગામની એ ઘટનાના કેટલાય સાક્ષીઓ આજેય તેની સાયદી પૂરે છે.

(બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રમાંથી) ◆

શતાબ્દી બોધકથા

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

સંસારની મોટપના વટ છોડી દેવા...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હળવી શૈલી અને સરળ શબ્દોમાં એવી રીતે ઉપદેશગંગા વહાવતા કે જેમાં સહજતાથી સૌને બોધ મળી જતો. અહીં પ્રસ્તુત છે એવી એમની એક પ્રાસાદિક બોધકથા. આ બોધકથા તેઓ લડાવીને એવી રીતે રજૂ કરતા કે સૌ હસી હસીને બેવડ વળી જતા. સ્વામીશ્રીની શતાબ્દીના પર્વે શતાબ્દી પ્રકાશ-માળામાં તેઓની બોધકથા માણીએ...

બે બ્રાહ્મણ હતા. તેમાં એક મામા અને એક ભાણેજ. તેઓ કોઈ જાત્રાએ નીકળેલા. વચ્ચે એક જગ્યાએ જમવા ગયા હતા. જમણમાં લાડુ હતા. બંનેને લાડુ ખૂબ પ્રિય. પણ લાડુ પાંચ હતા. મામા કહેઃ 'ભાણાભાઈ, હું ત્રણ લાડુ ખાઈશ, તું બે લાડુ ખાજે.' ભાણો કહેઃ 'મામા, હું ત્રણ ખાઉં, તમે બે લાડુ ખાજો.'

આમ મામા અને ભાણા વચ્ચે વિવાદ થયો. પછી બંનેએ તોડ કાઢ્યો કે 'આપણે બેઉ બોલવાનું, હલવા-ચલવાનું બંધ કરી દઈએ. જે પહેલાં બોલે કે હલે-ચલે તે બે લાડુ ખાય અને ન બોલે કે ન હલે-ચલે તે ત્રણ લાડુ ખાય.'

પછી તો બંને ચૂપચાપ આંખો બંધ કરીને બેસી ગયા. બેમાંથી એકેય બોલે-ચાલે નહીં. બંને વટે ચડ્યા.

એમ કરતાં બે-ત્રણ કલાક થઈ ગયા. એવામાં કોઈ અબુધ માણસ ત્યાં ગયો ને તેણે જોયું કે 'બંને બ્રાહ્મણો અવાક્ થઈ ગયા છે!' બોલાવે તોય બોલે કે હલે-ચલે નહીં. તેણે જાણ્યું કે 'બંને મરી ગયા છે.'

તેણે તેના જેવા બે-ત્રણ માણસો ભેગા કર્યા અને નક્કી કર્યું કે આ બંનેનો અગ્નિસંસ્કાર કરી દઈએ. પછી તો ઠાઠડી લઈ આવ્યા. મામા-ભાણા બંનેને ઠાઠડીએ બાંધ્યા, છતાં બેમાંથી એકેય બોલે કે હાલે-ચાલે નહીં, કારણ કે 'બોલે તે બે ખાય.' બેય વટમાં હતા. પછી તો સ્મશાને લઈ ગયા. ચેહ(ચિતા) ખડકી. તેના ઉપર સુવાડ્યા. છતાં કોઈ બોલે-ચાલે નહીં, કારણ કે 'બોલે તે બે ખાય.'

પછી તો બધા કહેઃ 'હવે અગ્નિ મૂકો.'

ભાણો તો હજુ બળમાં હતો પણ મામાને થયું કે 'હવે તો બળવાનો વારો આવ્યો.' એટલે મામા ઊભા થઈ ગયા ને બોલ્યાઃ 'ઊઠ ભાણા! તૈણ (ત્રણ) તારા ને બે મારા!' મામાને વસ્તાર ઝાઝો હતો એટલે જીવવું હતું. ભાણાને કોઈ ચિંતા નહોતી.

આમ, વટમાં ચઢીને માણસ ક્યારેક પ્રાણ ખોઈ નાખે. પરંતુ વટ રાખો તો ભગવાનને રાજી કરવામાં રાખવો. આપણે ભગવાનને રાજી કરવા હોય, સત્સંગ કરવો હોય, સેવા કરવી હોય, ભક્તિ કરવી હોય, નિયમ પાળવા હોય પણ બીજા લોકોની શરમે છોડી દઈએ તે કેવું! આપણું મકાન સારું હોય પણ કોઈને ન ગમે તો કંઈ પાડી નંખાય છે? દુનિયા સામું જોઈએ તો ભક્તિ ન થાય. ભગવાન રાજી થાય તેમ કરવું. તેમાં કોઈથી ડરવું નહીં. બાકી સંસારની મોટપ મેળવવાના વટ છોડી દેવા. તેમાં પુરુષાર્થ કરવો, પરંતુ ફળમાં જે મળે, જેટલું મળે, જ્યારે મળે તેનાથી રાજી રહેવું.



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક અનુભૂતિઓ...

શતાબ્દી અનુભૂતિ

પ્રમુખસ્વામી મહારાજ, જે પરબ્રહ્મનું દિવ્ય સ્વરૂપ છે...

ડૉ. વિજય ભાટકર
(સુપર કમ્પ્યૂટરના પિતામહ વિજ્ઞાની, C-DAC જેવી સંસ્થાઓના જનક)

પ્રમુખસ્વામી મહારાજને હું મળ્યો ત્યારે મને ભગવાન સ્વામિનારાયણ અને વિશ્વની પ્રાચીન હિંદુ સંસ્કૃતિના વારસાના સંસ્કાર મારામાં સિંચનાર આધુનિક ભારતના મહાન આધ્યાત્મિક મહાપુરુષને મળી રહ્યાની અનુભૂતિ થઈ હતી. દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામથી લઈને કેનેડામાં ટોરન્ટો સુધી તેમણે બાંધેલાં મંદિરોની મેં મુલાકાત લીધી છે. ભારતના ઇતિહાસમાં પૂર્વે ક્યારેય નથી બન્યું તે રીતે હિંદુ અને ભારતીય સંસ્કૃતિને આટલા ખુલ્લા સ્વરૂપે વિશ્વ સમક્ષ તેમણે મૂકી છે.

પ્રમુખસ્વામી મહારાજમાં દૈવી ઐશ્વર્યનાં દર્શન થાય છે. મંદિરના સ્થાપત્ય, વાસ્તુ સ્થાપત્ય અને ભારતીય વૈજ્ઞાનિક વારસાની ઝલક આપતાં દિલ્હીના અક્ષરધામ સહિતનાં મંદિરોમાં તેમનું ઐશ્વર્ય પ્રગટ થતું જોવા મળે છે. હું દૃઢતાપૂર્વક માનું છું કે મંદિરો વિજ્ઞાન અને અધ્યાત્મ-જ્ઞાનનાં ધામ બનવા જોઈએ. જ્યારે પ્રમુખસ્વામી મહારાજે તો તે સિદ્ધ કરી બતાવ્યું છે. અક્ષરધામનું નિર્માણ એ ભારતની આધ્યાત્મિક મુવમેન્ટમાં સ્વામીજીનું એક ઐતિહાસિક પ્રદાન છે, જે ઇતિહાસમાં એક સુવર્ણપૃષ્ઠ છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ ભારતના સાંસ્કૃતિક વારસાને જીવંત રાખવામાં તથા વિશ્વશાંતિ સ્થાપવામાં અદ્ભુત યોગદાન આપ્યું છે. આવી મહાન સંસ્થા ઊભી કરીને તેનું સંચાલન કરવું, ઉપરાંત આટલા બધા માણસોને સાચવવા તે કાંઈ નાનીસૂની વાત નથી. પ્રમુખસ્વામી મહારાજની આ સિદ્ધિ નોંધપાત્ર છે. દિવ્ય શક્તિ હોય તો જ એ સંભવિત છે.

સ્વામીજી સાથેની મુલાકાતોની તમામ પળો મારા સ્મરણમાં આજે પણ જીવંત છે. સ્વામીજીને હું યુગપુરુષ તરીકે જોઉં છું. તેઓએ જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરીને જાગૃતિની જાદુઈ જ્યોત જલાવી છે. તેનાથી હું ખૂબ જ પ્રભાવિત છું. તેઓ નૂતન ભારતના ભાગ્યવિધાતા છે. તેમના સિદ્ધાંતોને જોતાં લાગે છે કે માનવજાતે તેને અનુસરવું જોઈએ. તેમનો સ્નેહ, તેમનું મૌન, તેમના આશીર્વાદ, ગામડા અને શહેરના લોકો સાથે નાતજાત, ધર્મ, ઊંચનીચના ભેદ વગર તેમનું આત્મીયતાથી ભળી જવું, વગેરે તેમના અપાર સ્નેહ અને કારુણ્યનું પ્રતીક છે. તેમણે સમગ્ર વિશ્વને પ્રભાવિત કર્યું છે. હું નસીબદાર છું કે તેમણે મને મળવાની તક આપી, દીક્ષા આપી. આપણી સંસ્કૃતિમાં ભગવાન કરતાં ગુરુને ઊંચું પદ આપવામાં આવ્યું છે. એવા ગુરુના સ્વરૂપમાં હું પરબ્રહ્મની અનુભૂતિ કરી શકું છું. અંગત જીવનની વાત કહું તો તેમનામાં મેં એ પરબ્રહ્મની અનુભૂતિ કરી છે. પ્રમુખસ્વામી મહારાજ એટલે પરબ્રહ્મનું અવતારસ્વરૂપ. ◆

સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



દીપોત્સવી પર્વે ગોંડલમાં દિવ્ય સત્સંગ લાભ આપતા સ્વામીશ્રી

તા. ૧૦-૮-૨૦૨૧ થી તા. ૨૯-૧૦-૨૦૨૧ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તીર્થધામ સારંગપુર ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં વિરાજીને સૌને સત્સંગનું દિવ્ય સુખ આપ્યું હતું. સતત ૮૦ દિવસ સુધી સ્વામીશ્રીનું દિવ્ય સાંનિધ્ય પામીને સાધકો-પાર્ષદો-સંતો-હરિભક્તોનાં હૈયાં અધ્યાત્મ-ઊર્જાથી ચેતનવંતાં બન્યાં હતાં. સ્વામીશ્રીની વિરલ સ્મૃતિઓ આબાલ-વૃદ્ધ સૌ કોઈના હૈયે સદાયને માટે અંકિત થઈ ગઈ હતી.

તા. ૨૯-૧૦-૨૦૨૧ના રોજ સારંગપુરથી ભાવભરી વિદાય લઈને, માર્ગમાં ઊભેલા સૌ ભક્તો-ભાવિકોને દર્શનલાભ આપતાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજ મહાતીર્થ ગોંડલ પધાર્યા ત્યારે તેમના સ્વાગત માટે ગોંડલ શહેર ભક્તિઘેલું બન્યું હતું. સંતો-ભક્તોએ અક્ષરદ્વારથી ગુરુહરિનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું હતું. સ્વામીશ્રીના આગમન નિમિત્તે અક્ષરમંદિર, યોગી-સ્મૃતિમંદિર તેમજ સમગ્ર મંદિર પરિસર રંગબેરંગી રોશનીથી ઝળહળી ઊઠ્યું હતું. ગુરુહરિના આગમનને વધાવવા ઊમટેલા અસંખ્ય હરિભક્તોને સ્વામીશ્રીએ દર્શન-આશિષનો લાભ આપ્યો હતો.

દીપાવલિના પાવન પર્વે ગોંડલમાં સ્વામીશ્રીએ આપેલા દિવ્ય સત્સંગલાભને અહીં માણીએ...

■ દીપાવલિ પર્વ

દીપાવલિ એટલે ભારતીય-સંસ્કૃતિનું મહાપર્વ. ઉત્સવ-પર્વો એ ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. ભારતની ઉત્સવ-પરંપરામાં મોખરાનું સ્થાન ધરાવતા દીપાવલિના મહાપર્વોને દેશ-પરદેશમાં વસતા લાખો ભારતીયો અનેરા આનંદ-ઉલ્લાસ સાથે ઊજવે છે.

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે પણ આવા અનેક ઉત્સવ-પર્વો ઊજવી અસંખ્ય સંતો-ભક્તોને પોતાનું દિવ્ય સુખ આપ્યું હતું. એ જ પરંપરામાં ગુણાતીત ગુરુવર્યોએ પણ અનેક ઉત્સવો દ્વારા સત્સંગ સમુદાયને દિવ્ય સુખથી લાભાન્વિત કર્યો છે. એ જ લાભને પુનરાવર્તિત કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તીર્થરાજ ગોંડલમાં આ વર્ષે હજારો હરિભક્તોને દીપાવલિના તહેવારો ઊજવી અનેરો લાભ આપ્યો હતો. ધનત્રયોદશીથી દીપાવલિ પર્વનો આરંભ થયો હતો.

તા. ૨-૧૧-૨૦૨૧, ધનતેરસના પાવન દિને વહેલી સવારે સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા દર્શનનો લાભ સૌને આપ્યો હતો. ધનતેરસ નિમિત્તે લક્ષ્મીપૂજન પણ કર્યું હતું. ત્યારબાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું, ‘‘આજે ધનતેરસ છે. ભગવાનની સાથે ધનનું પૂજન થાય. પણ સાચું ધન તો ‘રે *સગપણ હરિવરનું સાચું...*’ આપણે આ લોકમાં રહ્યા એટલે ધનથી બધો વ્યવહાર કરવો પડે. ધન વિના કાંઈ ના થાય. લક્ષ્મીપૂજન કરીએ તો ધનની શુદ્ધિ થાય. સારા વિચારો આવે અને પરોપકારનું કાર્ય પણ થાય.

ભગવાન અને સંતને અર્થે તમારું ધન વપરાય એટલે એ ધન સાર્થક થાય. અને તમે બધાય વાપરો જ છો, છૂટથી બધા સેવા કરો છો, ભક્તિ કરો છો અને આ માર્ગે વળ્યા છો એટલે બધું કામ થાય છે.’’ સ્વામીશ્રીનાં વિનમ્ર અને ઉપદેશાત્મક વચનોથી સૌની ધનતેરસ ધન્ય બની ગઈ.

તા. ૩-૧૧-૨૦૨૧, કાળીચૌદશના શુભદિને સ્વામીશ્રીએ અક્ષરમંદિરના અગ્રભાગમાં શ્રી હનુમાનજીની દેરીએ હનુમાનજીનું પૂજન, આરતી કરી ભાવ-અર્ઘ્ય અર્પ્યું હતું.

તા. ૪-૧૧-૨૦૨૧, આજના શુભદિને સ્વામીશ્રીના સાંનિધ્યમાં દીપાવલિ પર્વનો લાભ લેવા હજારો હરિભક્તો ઊમટ્યા હતા. રંગબેરંગી વીજદીપકોથી અક્ષરમંદિર અને અક્ષરદ્વાર ઝળહળતી રોશનીથી વિશેષ આકર્ષક બન્યાં હતાં. સવારથી જ અનેરા ઉત્સવનો માહોલ જામ્યો હતો.

અક્ષરદેરી અને મંદિર ઉપર ઠાકોરજી સમક્ષ મૂકવામાં આવેલા દીવડાઓની જ્યોતિનો પ્રકાશ સત્સંગ-સમુદાયમાં સંપ-સુહૃદભાવ-એકતાનો સંદેશ પ્રસરાવી રહ્યો હતો.

પ્રાતઃકાળે સ્વામીશ્રી યોગી સભાગૃહમાં પ્રાતઃપૂજામાં પધાર્યા. ચારેબાજુ ટમટમતા દીવડાઓની જ્યોતિથી પૂજામંચ નયનરમ્ય બન્યું હતું. સંગીતજ્ઞ સંતોના મધુરકંઠેથી ગવાયેલાં ઉત્સવ-પદોની વચ્ચે સ્વામીશ્રીએ સંતો-ભક્તોને પૂજાદર્શનનો લાભ આપ્યો. વડીલ સંતોએ સત્સંગ સમુદાય વતી વિવિધ કલાત્મક હાર સ્વામીશ્રીને અર્પણ કરી શુભાશિષ પ્રાપ્ત કર્યા હતા.

આજે સૌની દિવાળી સુફળ કરતાં સ્વામીશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું, ''આજે દિવાળીનો આનંદ સર્વત્ર થાય છે અને આપણે તો વિશેષ આનંદનો વધારો થાય, કારણ કે દિવાળીના દિવસે બધા સારાં વસ્ત્રો ધારણ કરે છે, એ બધું તો સારું છે, પણ અંતર ઉજ્જવળ કરવાનું છે, દીવો અંતરમાં પ્રગટાવવાનો છે. તે અજવાળું કાયમ રહેશે. અંતઃકરણમાં દીવો પ્રગટે એ વધતો ને વધતો જાય. અંતઃકરણ શુદ્ધ ને શુદ્ધ થતું જાય અને છેવટે એકાંતિકપણું આવે અને આપણે સ્થિર થઈએ, ભગવાનમાં જોડાઈ જઈએ તો રોજે રોજ દિવાળી છે. બહારનું અને અંદરનું એક થઈ જાય તો રોજ ને રોજ દિવાળી.'' દીપાવલિના પાવનપર્વે સ્વામીશ્રીએ સૌને આશીર્વચનોથી ભીંજવી દીધા.

વિક્રમ સંવત ૨૦૭૮ની પૂર્વ સંધ્યાએ અક્ષરમંદિરમાં શારદા-ચોપડાપૂજન યોજાયું હતું. યોગી સભાગૃહમાં રચવામાં આવેલી કેબિનમાં ચોપડાઓ તથા ડાયરીઓ સુંદર રીતે ગોઠવવામાં આવ્યા હતા. ચારેબાજુ દીપાવલિને અનુરૂપ શણગાર શોભી રહ્યા હતા. આખોય સભામંડપ સંતો-હરિભક્તોથી હકડેઠઠ ભરાયેલો હતો. હરિભક્તો પોતપોતાના ચોપડા-ડાયરીઓ લઈને મહાપૂજામાં બિરાજ્યા હતા. સ્વામીશ્રીના આગમન પૂર્વે આત્મસ્વરૂપદાસ સ્વામીએ મહાપૂજાનો પૂર્વવિધિ સંપન્ન કર્યો હતો.

સાયંકાળે સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા. મંદિરમાં તથા અક્ષરદેરીમાં સૌની સુખાકારી માટે શુભપ્રાર્થનાઓ કરી મહાપૂજામાં પધાર્યા. પવિત્ર મંત્રોના નાદથી સમગ્ર વાતાવરણમાં અનેરી દિવ્યતા છવાઈ હતી. વૈદિક મંત્રોની વચ્ચે સ્વામીશ્રીએ મહાપૂજાનો શેષવિધિ પૂર્ણ કર્યો. પૂજનવિધિ બાદ સ્વામીશ્રીએ વિવિધ શુભ સંકલ્પો સાથે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી હતી. ઠાકોરજીની આરતી બાદ વડીલ સંતોએ પ્રાસાદિક અક્ષત ચોપડાઓ ઉપર છાંટી સૌ સુધી શુભાશિષ પહોંચાડ્યા. અક્ષરમંદિરના ચોપડામાં સ્વામીશ્રીએ હસ્તાક્ષર કર્યા. બાદ વડીલ સંતોએ વિવિધ કલાત્મક હાર વડે સ્વામીશ્રીને વધાવ્યા હતા.

દીપાવલિના શુભદિને સૌ પર રૂડા આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''આવતીકાલથી નવું વર્ષ શરૂ થાય છે એટલે નવું એકાઉન્ટ શરૂ થશે. અને આપણે તો સત્સંગી છીએ એટલે ધર્મ-નિયમમાં અત્યારે છે એના

કરતાં દઢતા વધારવી. મહારાજ-સ્વામી મળ્યા છે, માટે ફાસફૂસિયા વિચાર ના કરવા. સત્સંગની રુચિ, દઢતા વધારવી અને જગતની વાત ઓછી કરવી. સદાય બળમાં રહેવું.

સર્વોપરિ ભગવાન મળ્યા છે, એ જેવી તેવી વાત નથી. ને આપણને તો પ્રત્યક્ષ મુખોમુખ મળ્યા છે એટલે હવે સત્સંગની વાસના વધારવી અને જગતની વાસના ઓછી કરવી. ભૂલચૂક ભલે થઈ હોય અત્યારે એ બધું માફ, પણ નવેસરથી ધ્યાન રાખવું.

ટૂંકમાં, આવા ભગવાન મળ્યા છે એટલે હિંમત ને બળ રાખવાં. પડી ન રહેવું. ઊભા થઈને ચાલવા મંડવું. પડી રહ્યા એ ગુનો છે. અને નિયમ-ધર્મ બરાબર પાળવા. ગુણાતીત ગુરુઓમાં નિર્દોષબુદ્ધિ રાખવી.

બધા તને, મને, ધને ખૂબ સુખી થાઓ. કોરોનામાં ખોટ પડી હોય તે બધી વસૂલ થઈ જાય અને એના ઉપર પણ લાભ થાય એ જ પ્રાર્થના...''

નૂતનવર્ષની પૂર્વ સંધ્યાએ સ્વામીશ્રીએ લૌકિક અને અલૌકિક એમ બંને ભાથું બંધાવી સૌને ન્યાલ કરી દીધા.

■ નૂતન વર્ષારંભ - અન્નકૂટોત્સવ

તા. ૫-૧૧-૨૦૨૧, વિક્રમ સંવત ૨૦૭૮ના નૂતન વર્ષના પ્રારંભે ગોંડલ અક્ષરમંદિરમાં નૂતન વર્ષારંભ અને અન્નકૂટોત્સવ શાનદાર રીતે ઊજવાયા હતા. યોગીજી મહારાજના હૃદય સમા મહાતીર્થ ગોંડલમાં વર્ષો સુધી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અક્ષરદેરી - અક્ષરમંદિરમાં અન્નકૂટ અને નૂતનવર્ષની ઉજવણી કરી અસંખ્ય ભક્તો-ભાવિકોને દિવ્ય સત્સંગ લાભ આપ્યો હતો. એ જ રીતિ-પ્રીતિને આગળ ધપાવતાં આ વર્ષે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સૌ સંતો-હરિભક્તોને અન્નકૂટ-નૂતનવર્ષનો અવિસ્મરણીય લાભ આપ્યો હતો.

નૂતન વર્ષના મંગલ પ્રભાતે અક્ષરપુરુષોત્તમ મહારાજની નિશ્રામાં યોગી સભાગૃહમાં હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં સ્વામીશ્રી વતી વિવેક-સાગરદાસ સ્વામીએ મહાપૂજા કરી હતી. નૂતનવર્ષના પ્રારંભે સંતો-હરિભક્તોને દર્શનલાભ આપતાં સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પધાર્યા. પૂજામંચને વિવિધ શણગારોથી સજાવ્યો હતો. પૂજાના આસનની ફરતે વિવિધ મિષ્ટાન્નના થાળ ગોઠવ્યા હતા. પૂજામાં સંતોએ પ્રાર્થના-પદો ગાઈને નૂતનવર્ષને વધાવ્યું. વડીલ સંતોએ વિવિધ કલાત્મક હાર સ્વામીશ્રીને અર્પણ કરી અભિવંદન પાઠવ્યાં હતાં. આજની મહાપૂજાનું જીવંત પ્રસારણ GTPL ચેનલ પરથી થયું હતું.

નૂતન વર્ષના મંગલ પ્રભાતે માંગલિક આશીર્વચન પાઠવતાં સ્વામીશ્રીએ જણાવ્યું, ''આપણને મહારાજ-સ્વામી મળ્યા એ બહુ મોટી વાત છે. શ્રીજીમહારાજ એકાંતિક ધર્મની સ્થાપના માટે જ આવ્યા છે, બીજો કોઈ કચરો એમને ખપે નહીં. ભગવાન કૃપાસાધ્ય છે, ક્રિયાસાધ્ય નહીં. 'ભગવાન આપણને આ લોકમાં મળ્યા' આ વાત ખાસ બધાએ સમજવા જેવી છે. એમના બળે બધું કામ થશે, આ લોક અને પરલોકનું. ભગવાન ને સંતને યાદ કરીને, સામે રાખીને જે કરશો તે બધી શુભ લક્ષ્મી થશે. જે ભગવાન અને સંતને અર્થે વપરાય, સત્સંગના કામમાં વપરાય એ શુભ લક્ષ્મી છે.

શ્રીજીમહારાજે કહ્યું, 'કોઈ એક જરાક પણ સેવા કરે તો અમે તેને ભૂલતા નથી.' એટલે ભગવાન અતિ અતિ દયાળુ છે. એ આપણને મળ્યા છે. માટે ભગવાન સામે દૃષ્ટિ રાખવી. ભગવાન સામે દૃષ્ટિ રહે એટલે બધું કામ થશે.

તમે બધા તને, મને, ધને સુખી થવાના છો. બધાનાં હૈયાં સોનાનાં થશે. અને અંતરમાં મહારાજ-સ્વામી અખંડ રહેશે.'' સ્વામીશ્રીનાં આશીર્વચનોથી સૌ ધન્ય અને કૃતાર્થ થયા.

આજે વહેલી સવારથી મંદિરમાં અન્નકૂટોત્સવનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. અક્ષરમંદિરના પ્રત્યેક ખંડમાં, ગુરુપરંપરાની દેરીઓમાં, અક્ષરદેરીમાં અને યોગીજી મહારાજના સ્મૃતિ-મંદિરમાં ભાતભાતની વાનગીઓના અન્નકૂટ રચવામાં આવ્યા હતા. પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ સૌપ્રથમ સ્મૃતિમંદિરમાં અને ત્યારપછી વિવિધ અન્ન-પાકોથી ભરપૂર અક્ષરદેરીમાં આરતી ઉતારી વિશેષ ભક્તિભાવ અર્પ્યો હતો. નૂતનવર્ષે સૌની સુખાકારી માટે પ્રાર્થના પણ કરી હતી.

અહીંથી સ્વામીશ્રી મંદિરે પધાર્યા. ગુરુશિખરોમાં અને મંદિરમાં ઠાકોરજી સન્મુખ કલાત્મક અન્નકૂટ રચવામાં આવ્યો હતો. મંદિરનો પ્રત્યેક ખંડ અન્નકૂટ વાનગીઓથી આવૃત્ત હતો. સ્વામીશ્રીનું આસન મધ્યખંડમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ ગોઠવાયું હતું. સંતોએ સુમધુર કંઠે થાળગાન કર્યું ત્યારે સમગ્ર વાતાવરણ દિવ્ય બની ગયું હતું. સ્વામીશ્રી પણ કર-તાલ આપતાં થાળગાનમાં જોડાયા. ત્યારપછી આસન પરથી ઊભા થઈને સ્વામીશ્રીએ અન્નકૂટ સહિત ઠાકોરજીની ભાવપૂર્વક આરતી ઉતારી હતી. આરતી દરમ્યાન વિવિધ ફટાકડાઓની આતશબાજીથી અક્ષર-મંદિરનું ગગન ગુંજી ઊઠ્યું હતું. સ્વામીશ્રીની નિશ્રામાં વિવિધ

થાળગાનની સાથે અન્નકૂટોત્સવ ભવ્યતાથી સંપન્ન થયો હતો.

આમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં દીપોત્સવ, નૂતનવર્ષારંભ અને અન્નકૂટોત્સવ - ગોંડળ અક્ષરમંદિરને આંગણે દિવ્યતા-ભવ્યતાસભર ઊજવાયા હતા.

■ શાક-હાટડી ઉત્સવ

તા. ૧૫-૧૧-૨૦૨૧, પ્રબોધિની એકાદશીના પવિત્ર દિને ગોંડલ અક્ષરમંદિરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ભક્તિભાવપૂર્વક શાહ-હાટડી ઉત્સવ ઊજવાયો હતો. વહેલી સવારથી આજના ઉત્સવનો લાભ પ્રાપ્ત કરવા માટે હરિભક્તો ઊમટ્યા હતા.

આજના દિનનો મુખ્ય ઉત્સવ યોગી સભાગૃહમાં યોજાયો હતો. શાક-હાટડી ઉત્સવનો લાભ લેવા દૂર-સુદૂરથી ઊમટેલા હરિભક્તોથી સભાગૃહ ખીચોખીચ ભરાઈ ચૂક્યો હતો. સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પધાર્યા. પૂજામંચ પર વિવિધ શાકભાજી અને ફળ-ફળાદિથી 'પ્રમુખહાટ' રચવામાં આવ્યું હતું. વિવિધ શાકભાજી ભરેલાં ત્રણ કલાત્મક ગાડાંઓથી મંચ વિશેષ સોહામણો બન્યો હતો. પ્રમુખહાટનાં દર્શન કરી સ્વામીશ્રી અતિ પ્રસન્ન થયા. પ્રાતઃપૂજામાં સંતોએ કીર્તનોનું ગાન કરી હાટડી-ઉત્સવને વધાવ્યો હતો.

પૂજાના અંતે હારતોરાવિધિ બાદ સ્વામીશ્રીએ આશીર્વર્ષા કરતાં સૌના અંતર સત્સંગ-ભક્તિથી ભરી દીધા હતા. આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ શાક-હાટડી ઉત્સવ આરંભાયો. સ્વામીશ્રીએ રીંગણ, બટેટાં, દૂધી, ગાજર, આદું, લીંબુ, ટામેટાં, ભીંડા, મોગરી, ફ્લેવર વગેરે જુદાં જુદાં શાક કરમાં ગ્રહી સૌને વિશિષ્ટ સ્મૃતિ આપી હતી. સાથે બધાં શાકભાજીનો ગુણધર્મ વર્ણવવામાં આવ્યો ત્યારે સ્વામીશ્રીએ પણ તેમાં પૂર્ણતઃ સંમતિ પુરાવી હતી.

આજના અવસરે સ્વામીશ્રીએ મહેસાણા ખાતે નવનિર્મિત પ્રાર્થના સંસ્કારધામ અને અક્ષરધામ સંસ્કારધામમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ અને લીરા(યુગાન્ડા)ના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી ગુરુપરંપરાની મૂર્તિઓની વેદોક્તવિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી હતી. સાથે સાથે ધુવારણ, કલમસર, વાલવો, ગોરવા અને ગાજણા ખાતે નિર્માણ પામનાર બી.એ.પી.એસ. મંદિરોનાં ખાતમુહૂર્તની ઈષ્ટિકાઓનું વૈદિક પૂજન પણ કર્યું હતું.

પ્રબોધિની એકાદશીના અનુપમ દિને સાયંકાળે મંદિરમાં ઠાકોરજી સમક્ષ ભાતભાતનાં શિયાળુ શાક-ફળોની હાટડી રચવામાં આવી હતી. જેમાં, ઘનશ્યામ મહારાજના ખંડમાં વિવિધ પ્રકારના સૂકામેવા, મધ્યખંડમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ વિવિધ લીલાં શાકભાજી અને હરિકૃષ્ણ મહારાજના ખંડમાં વિવિધ ફળ-ફળાદિનું હાટ કલાત્મક રીતે સજાવવામાં આવ્યું હતું. અક્ષરદેરી અને યોગીજી મહારાજના સ્મૃતિમંદિરમાં પણ વિવિધ ફળ-શાકની હાટડી રચવામાં આવી હતી. વિવિધ શાક તેમજ ફળ-ફળાદિનો ઉપયોગ કરીને સર્જન કરેલી કલાત્મક કૃતિઓથી શાક-હાટડી વિશેષ ધ્યાનાકર્ષક બની હતી. સાથે સાથે ફળ-શાકના ગુણધર્મો દર્શાવતાં બોર્ડ પણ મૂકવામાં આવ્યા હતાં.

ઠાકોરજીનાં આવાં અલૌકિક દર્શન કરી સ્વામીશ્રી અતિ પ્રસન્ન થયા. પરંપરા મુજબ શેરડીના સાંઠાની સાથે જડેલી શ્રીફળની કાચલીમાં પ્રગટાવી જ્યોતિથી સ્વામીશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી. અક્ષરદેરીમાં પણ એ જ રીતે હાટડીની આરતી ઉતારી. ત્યારબાદ સૌની સુખાકારી માટે અક્ષરદેરીમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી. યોગીજી મહારાજ સ્મૃતિમંદિરમાં પણ હાટડીની સાથે ગુરુવર્યની

આરતી ઉતારી વિશેષ ભક્તિભાવ અર્પ્યો હતો.

ગઈકાલે એકાદશીની વૃદ્ધિતિથિએ પણ પ્રતીક હાટડી-ઉત્સવ ઊજવાયો હતો. ઠાકોરજી સમક્ષ રચવામાં આવેલી શાક-હાટડીનાં દર્શન કરી સ્વામીશ્રીએ આરતી ઉતારી હતી.

આમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં દીપોત્સવ-અન્નકૂટ-દેવદિવાળીના ઉત્સવો અભૂતપૂર્વ રીતે ઊજવાઈ ગયા.

નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોની મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા કરી આરતી-અર્ઘ્ય અર્પતા સ્વામીશ્રી...

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સારંગપુર ખાતે તા. ૨૧ થી ૨૮ ઑક્ટોબર, ૨૦૨૧ દરમ્યાન દેશ-પરદેશના વિવિધ સત્સંગકેન્દ્રોમાં નિર્માણ પામેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોની મૂર્તિઓની વેદોક્તવિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. સાથે વિવિધ સત્સંગકેન્દ્રોમાં નૂતન નિર્માણ પામનાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોની ખાતવિધિની ઈષ્ટિકાઓનું પણ વૈદિક પૂજન કર્યું હતું. પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓ અને પૂજન થયેલી ઈષ્ટિકાઓની યાદી આ પ્રમાણે છે :

■ મૂર્તિપ્રતિષ્ઠા :

ન્યૂકાસલ(ઑસ્ટ્રેલિયા), માછી સાદડા (સાંકરી), ગારિયા (મોરબી), પ્રમુખવાટિકા (અમરેલી), ભાવનગરની સરિતા સોસાયટી અને અક્ષરધામ સોસાયટી, સારંગપુર ક્ષેત્રના રામપરા અને પાણવી(ગુરુપરંપરાની પુનઃ પ્રતિષ્ઠા), બોટાદના યોગીનગર વિસ્તાર, અટલાદરા ક્ષેત્રના નોબાર (ચિત્રપ્રતિમા) અને સાથે સાથે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્યતીર્થ ચાણસદમાં નૂતન નિર્માણ પામેલા શ્રીરામજી મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ (શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રીરામ-લક્ષ્મણ-જાનકી, શ્રીરાધા-કૃષ્ણદેવ, હનુમાનજી-ગણપતિજી અને પ્રમુખસ્વામી મહારાજ) અને પ્રાસાદિક જૂના રામજી મંદિરની નવીનીકરણ પામેલી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી હતી.

■ ઇષ્ટિકાઓનું પૂજન :

અંકલેશ્વરના હાંસોટ રોડ, સાંકરી ક્ષેત્રના વલવાડા, હિંમતનગર ક્ષેત્રના ભદ્રેસર, મહેસાણા ક્ષેત્રના ગોઝારિયા અને પારસા ખાતે નિર્માણ પામનારા બી.એ.પી.એસ. મંદિરોની ઈષ્ટિકાઓનું વૈદિકવિધિથી પૂજન કર્યું હતું.

ઉપરોક્ત મંદિરોની મૂર્તિપ્રતિષ્ઠાના પાવન અવસરે સારંગપુર ખાતે પધારેલા હરિભક્તોને ઉદ્દેશીને પ્રેરણાવચનો પાઠવતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે જણાવ્યું હતું, ‘આ મંદિરોની પ્રતિષ્ઠા થાય છે તો રોજ સત્સંગ કરીએ, મંદિરે આવીએ, દર્શન કરીએ, દંડવત-પ્રદક્ષિણા કરીએ અને સેવા-ભક્તિ કરતા રહીએ. મંદિરમાં બધાએ સંપીને કાર્ય કરવાનું. સંપ વિના કોઈ કાર્ય સિદ્ધ ન થાય. માટે સંપીને, હળીમળીને કાર્ય કરવું તો સુખ-શાંતિ રહેશે, આનંદ આવશે અને ભજન-ભક્તિનું સુખ આવશે. ભગવાન તમારી શુભકામનાઓ પૂર્ણ કરશે.’ ◆

ઈંગ્લેન્ડના માંચેસ્ટર-આસ્ટન અને બર્મિંગહામ શહેરોમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં શાનદાર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કરેલા અથાક વિચરણના પરિપાક રૂપે ઇંગ્લૅન્ડ અને યુરોપમાં સત્સંગની ઉત્તરોત્તર અભિવૃદ્ધિ થઈ રહી છે, અને ભક્તોની ભક્તિ-ભાવનાને પોષતાં નવાં નવાં બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ મંદિરોની રચના થતી રહી છે. એવાં મંદિરોની શૃંખલામાં તાજેતરમાં ઇંગ્લૅન્ડની પ્રસિદ્ધ ઉદ્યોગનગરી માંચેસ્ટર ખાતે ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી એક વધુ મંદિર ઉમેરાયું છે. સન ૧૯૯૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીં સુંદર મંદિર પ્રતિષ્ઠિત કર્યું હતું. સત્સંગની અભિવૃદ્ધિ થતાં એક સુવિધા સજ્જ વિશાળ નૂતન મંદિરની આવશ્યકતા ઊભી થઈ. અને સ્વયંસેવકો મંદિરનિર્માણની સેવામાં જોડાઈ ગયા.

સ્થાનિક પર્યાવરણને કોઈપણ પ્રકારની આડઅસર ન થાય અને રહીશોના આરોગ્યને કોઈપણ પ્રકારની હાનિ ન પહોંચે તેની કાળજી રાખીને આસ્ટનના સ્થાનિક હરિભક્તો યુવા સ્વયંસેવકો છેલ્લાં સાત વર્ષથી મંદિર નિર્માણની કામગીરી અથાકપણે કરી રહ્યા હતા. સૌના ભક્તિસભર પુરુષાર્થથી સુંદર મંદિર રચાઈ ગયું. ઇંગ્લૅન્ડના પ્રસિદ્ધ શહેર માંચેસ્ટરના ઉપનગર તરીકે જાણીતા આસ્ટન-અન્ડર-લાઇન ખાતે આ નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૧૭ ઑક્ટોબર, ૨૦૨૧ના યોજાઈ ગયો.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે નેનપુર ખાતે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓના સ્થાપનવિધિ પ્રસંગે, યુ.કે.-યુરોપના સંતો, સેંકડોની સંખ્યામાં સ્થાનિક ભક્તો-ભાવિકોએ પૂજન વિધિમાં ઑનલાઈન ભાગ લઈને પ્રસંગને માણ્યો હતો. સાથે સાથે હજારો સત્સંગીઓએ પૂજાવિધિના જીવંત પ્રસારણનો લાભ લીધો હતો.

આ ઉત્સવના ઉપક્રમે, તા. ૧૬ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ વૈદિક મહાપૂજા યોજાઈ હતી, જેમાં ભાગ લેનાર

ભક્તોએ વિશ્વમાં સંવાદિતા-સ્વાસ્થ્ય-શાંતિ જળવાઈ રહે, તે માટે પ્રાર્થના કરી હતી. મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે શ્રી નીલકંઠવર્ણી મહારાજની ભક્તિયાત્રા મંદિર પરિસરમાં યોજાઈ હતી, જેમાં બાળ-બાલિકા, યુવક-યુવતી અને સંયુક્ત મંડળના ભક્તો ભારતીય પરંપરાગત પરિવેશમાં સજ્જ બનીને ભક્તિભાવપૂર્વક જોડાયા હતા.

તા. ૧૭-૧૦-૨૦૨૧ના રોજ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે વેદોક્ત વિધિપૂર્વક શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને અન્ય મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલા સમારંભમાં પૂજ્ય

ઈશ્વરચરણદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યા હતાં. મંદિર પ્રોજેક્ટના મુખ્ય આર્કિટેક્ટ જૂડીથ કોપમેને મંદિરનિર્માણમાં સેવા આપનારા સ્વયંસેવકોની ટીમને અભિનંદન આપતાં કહ્યું હતું કે અહીં ઉચ્ચ કોટિનું આયોજન જોવા મળ્યું. બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોની ટીમે ઉત્સાહ અને ખંતપૂર્વક મંદિરનું નિર્માણ કર્યું તે બદલ હું તેમનો ખૂબ આભાર માનું છું.

ટેમસાઇડ કાઉન્સિલના નેતા બ્રેન્ડા વોરિંગ્ટન પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આવા ચેતનવંતા કાર્યક્રમોમાં બોલાવવા બદલ આભાર માનીને તેમણે કહ્યું: 'સમગ્ર ઉત્સવ સભ્યતા, ઉત્તેજના અને ઊર્જાથી જીવંત લાગે છે.' ટેમ સાઇડના ચીફ એક્ઝિક્યુટિવ સ્ટીવન પ્લીઝન્ટે કહ્યું, 'અમે આ સુંદર મંદિરની રચનાથી પ્રભાવિત છીએ. મહાનગરપાલિકાના કેન્દ્રમાં સુવિધાપૂર્ણ મંદિર બનવાથી અમે ગૌરવ અનુભવીએ છીએ.'

મંદિરના અગ્રણી સ્વયંસેવક રાજેશભાઈ દેસાઈએ કહ્યું કે છેલ્લાં ૫૦ વર્ષથી માન્ચેસ્ટર અને તેની આજુબાજુના વિસ્તારોમાં સત્સંગની અભિવૃદ્ધિ થઈ છે. શરૂઆતમાં અમે હોલ ભાડે રાખીને સત્સંગ સભાઓ કરતા હતા. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સત્સંગની અભિવૃદ્ધિ થઈ. સ્થાનિક ભારતીય સત્સંગ પ્રત્યે જાગૃત કર્યા. આ મંદિરનિર્માણનો હેતુ

સમાજના જરૂરિયાતમંદની સેવા કરવી તે છે.

માંચેસ્ટરમાં આવું દિવ્ય મંદિર બન્યું તેથી હરિભક્તોમાં આનંદની લહેર છવાઈ વળી છે. મંદિરમાં થતી ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આરોગ્યલક્ષી વગેરે તમામ પ્રવૃત્તિઓ વચ્ચે તેમની નવી પેઢી ઊછરશે તેનો સૌને અપાર હર્ષ છે.

ઈંગ્લૅન્ડમાં એવું જ એક વધુ બી.એ.પી.એસ. મંદિર બર્મિંગહામ શહેરમાં રચાઈ ગયું.

અહીં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગનાં મંડાણ થયાં હતાં - સન ૧૯૭૨માં. ત્યારબાદ અલગ અલગ ભક્તો-ભાવિકોના ઘરે સત્સંગસભાઓ યોજાતી રહી. સન ૨૦૦૦માં પ્રમુખસ્વામી મહારાજે અહીં એક સુંદર મંદિરની ભેટ આપી હતી. ટૂંક સમયમાં જ તેઓના આશીર્વાદ અને પુરુષાર્થથી, હરિભક્તોમાં ભક્તિભાવ ઊભરાયો અને સત્સંગે હરણફાળ ભરી. ધીમે ધીમે સત્સંગની અભિવૃદ્ધિ થતાં અહીં વધુ સુવિધાસજ્જ મંદિરની આવશ્યકતા જણાઈ અને સન ૨૦૧૬માં નૂતન મંદિરનું નિર્માણકાર્ય આરંભાયું. લંડન મંદિરથી અહીં વિચરણ માટે આવતા સંતો અને ભક્તોના નિષ્ઠાસભર પુરુષાર્થથી અહીં નૂતન બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું.

મંદિર પ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૩ ઑક્ટોબર ૨૦૨૧ના રોજ મંદિરમાં સ્થાપિત થનાર શ્રી અક્ષરુપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાની શોભાયાત્રા યોજાઈ હતી. બર્મિંગહામ શહેરના રાજમાર્ગો પર નીકળેલી આ શોભાયાત્રામાં સંતો-ભક્તો-ભાવિકો જોડાયા હતા.

અહીં સ્થાપિત થનાર મૂર્તિઓનો પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ પ્રાણપ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૨૩ અને ૨૪ ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો. મૂર્તિઓના સ્થાપનવિધિ પ્રસંગે વેદોક્ત મહાપૂજા વિધિ યોજાયો હતો, જેમાં સેંકડો ભક્તો પ્રત્યક્ષ અને સેંકડો ભક્તો ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. વેદોક્ત મહાપૂજા વિધિ સાથે મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતોના હસ્તે સંપન્ન થયો હતો.

આ પ્રસંગે યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોએ મંદિર મહિમા વિષયક ઉદબોધનો કર્યાં હતાં. પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીએ મંદિરમાં સેવા આપનાર સૌને વધાવ્યા હતા. સાથે સાથે મંદિરનો વધુમાં વધુ લાભ લેવા સૌને અનુરોધ કર્યો હતો.

આમ, બર્મિંગહામ ખાતે રચાયેલું આ મંદિર અહીં આવનાર સૌમાં અધ્યાત્મનું ઓજસ પાથરતું રહેશે. ◆

ફ્રાન્સની રાજધાની પેરિસમાં રચાનાર નૂતન બી.એ.પી.એસ. હિંદુ મંદિરનો વેદોક્ત ભૂમિપૂજન વિધિ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી અને મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ફ્રાન્સની રાજધાની પેરિસમાં રચાનાર નૂતન બી.એ.પી.એસ. હિંદુ મંદિરનો ભૂમિપૂજન વિધિ તા. ૧૯-૧૦-૨૦૨૧ના રોજ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

પેરિસમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનાં પગરણ મંડાયાં તેનો ઇતિહાસ પણ દાયકાઓ પુરાણો છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તા. ૭ જુલાઈ, ૧૯૭૦ના રોજ લંડનથી મુંબઈની હવાઈયાત્રા દરમ્યાન પેરિસ, ઝુરિચ અને બૈરુત પરથી પસાર થયા હતા. એ સમયે પેરિસના એરપોર્ટ પરના રોકાણ દરમ્યાન બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને કહ્યું હતું કે 'પ્લેનમાંથી ઊતરીને ફ્રાન્સની ભૂમિને પાવન કરો અને આશીર્વાદ આપો કે ભવિષ્યમાં અહીંયાં અક્ષરપુરુષોત્તમ મહારાજનું મંદિર બને.'

ત્યારબાદ વિશ્વભરમાં શાંતિ, સંસ્કાર, સંવાદિતા અને સમન્વયનો સંદેશો પ્રસરાવવાનું ભગીરથ કાર્ય કરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીં તા. ૫-૧૧-૧૯૯૭ના રોજ બી.એ.પી.એસ. મંદિર માટે મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરી હતી. ત્યારબાદ સંતોના વિચરણથી સ્થાનિક હરિભક્તોના ભક્તિસભર પુરુષાર્થથી સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ થઈ. તા. ૧૯ ઑક્ટોબર, ૨૦૧૭ના રોજ પેરિસમાં ગુરુહરિ મહંતસ્વામી મહારાજના વિચરણ સમયે જ પેરિસના ઉપનગર સૅન્ટ જ્યોર્જ઼સના તત્કાલીન મેયરે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર માટે ભૂમિ

અર્પણ કરી હતી.

તા. ૧૯ ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ આ સ્થળે પંચશિખરયુક્ત સુંદર કલાત્મક મંદિરના નિર્માણના આરંભ રૂપે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના વરદ હસ્તે વેદોક્ત વિધિપૂર્વક ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં યુ.કે.-યુરોપના બી.એ.પી.એસ. સંસ્થાના સંતો અને ભક્તોએ આ ભૂમિપૂજનનો લાભ પ્રાપ્ત કર્યો

મને આશા છે. હું મારી દીકરીને ગૌરવપૂર્વક કહી શકીશ કે મારા મેયરપદના કાર્યકાળ દરમ્યાન અદ્‌ભુત ભક્તિધામના નિર્માણમાં મેં પણ મારો સહયોગ આપ્યો હતો. આ કાર્યે મને પાવન કર્યો છે. આ બી.એ.પી.એસ. સંસ્થાના સંપર્કમાં આવ્યા પૂર્વે હું હિન્દુ ધર્મ વિશે કશું જ જાણતો નહોતો, પરંતુ જીવનનો સાચો ઉદ્દેશ અને માનવતાની સેવાનો માર્ગ મને વિશેષ જાણવા મળ્યો છે. અમે આશા રાખીએ કે આ

હતો. અનેક ભક્તો ઓનલાઈન માધ્યમથી આ વિધિમાં જોડાયા હતા. આ પ્રસંગે યોજાયેલી સભામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોની વિશેષતા વિષયક પરિચય કરાવવામાં આવ્યો હતો. બાદ ફ્રાન્સના બી.એ.પી.એસ. બાળમંડળના બાળકોએ સંસ્કૃત અને ફ્રેન્ચ ભાષામાં સત્સંગદીક્ષા ગ્રંથના શ્લોકોનો મુખપાઠ રજૂ કર્યો હતો.

આ કાર્યક્રમમાં સેન-એત-માર્નના સેનેટર અને બસ્સી સૅન્ટ જ્યોર્જ્સના મેયરશ્રી, પેરિસના મેયરશ્રી યાન દુબોઈસ તથા તેમની કમિટીના સભ્યો, સ્થાનિક નેતાઓ અને વિવિધ સંપ્રદાયના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પેરિસના મેયર યાન દુબોઈસે જણાવ્યું હતું, ‘અહીં નિર્માણ પામનારું મંદિર આધ્યાત્મિકતા અને માનવતાની સુગંધ પ્રસરાવતું પવિત્ર સ્થળ બનશે એવી

મંદિર માનવતાનો પ્રકાશ રેલાવવામાં અને આપણી અંદરના શ્રેષ્ઠને બહાર લાવવામાં મદદરૂપ થશે.

પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીએ પેરિસમાં મંદિર નિર્માણ માટે ભૂમિની ફાળવણી કરનાર તમામ અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે સાથે સૌ ભક્તો-ભાવિકોને મંદિર નિર્માણકાર્યમાં ઉત્સાહભેર જોડાઈ જવા માટે બળ પણ પ્રેર્યું હતું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વીડિયો આશીર્વાદ દ્વારા યોગીજી મહારાજની સ્મૃતિઓ વાગોળી હતી. સાથે સાથે મંદિરનું વહેલામાં વહેલી તકે નિર્માણ થાય તે માટે આશીર્વાદ પણ પાઠવ્યા હતા. ઉલ્લાસ, ઉમંગ અને ભક્તિ ભર્યા વાતાવરણ વચ્ચે ઊજવાયેલો આ ભૂમિ-પૂજનવિધિ માત્ર સ્વામિનારાયણ સંપ્રદાય માટે જ નહીં, પરંતુ હિંદુ સનાતન ધર્મ માટે એક ગૌરવપ્રદ બની રહ્યો. ◆

દિવાળી પર્વે યુ.કે.ના વડાપ્રધાન તથા ગૃહપ્રધાન લંડન ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની દર્શન-મુલાકાતે

તા. ૭ નવેમ્બર, ૨૦૨૧ના રોજ લંડન-નિસડન સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે ઇંગ્લેન્ડના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન તથા ગૃહપ્રધાન શ્રી પ્રીતિ પટેલ દર્શન-મુલાકાતે પધાર્યા હતા. વડાપ્રધાન શ્રી જોન્સનની લંડન બી.એ.પી.એસ. મંદિર ખાતેની આ પાંચમી મુલાકાત હતી. પૂજ્ય યોગવિવેકદાસ સ્વામી તથા સંતોએ તેમનું ભારતીય પરંપરા મુજબ પુષ્પહાર, ચાંદલો કરી સ્વાગત કર્યું હતું. મહિલા વિભાગમાં ગૃહમંત્રીશ્રીનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

મંદિરમાં પધારીને તેઓએ મધ્યખંડમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણે ભાવપુષ્પ અર્પણ કર્યાં હતાં. ઠાકોરજી સમક્ષ રચવામાં આવેલા અન્નકૂટનાં પણ તેઓએ અહોભાવપૂર્વક દર્શન કર્યાં હતાં. ત્યારબાદ તેઓએ શ્રી નીલકંઠવર્ણી મહારાજ પર જલાભિષેક કરીને સૌ ઇંગ્લૅન્ડવાસીઓની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી કોરોના મહામારી દરમ્યાન સંસ્થા દ્વારા થયેલી રાહતસેવાની માહિતી તેમણે વિસ્તારપૂર્વક મેળવી હતી. ત્યારબાદ તેઓએ ઇંગ્લેન્ડમાં કોરોના મહામારીમાં સેવા કરનાર નિષ્ઠાવાન અને સમર્પિત સ્વયંસેવકોની મુલાકાત લીધી હતી. વડાપ્રધાનશ્રીએ પોતાની અનુભૂતિઓ વર્ણવતાં જણાવ્યું હતું, 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ઇંગ્લેન્ડને અમૂલ્ય સાંસ્કૃતિક ભેટ ધરીને ઇંગ્લેન્ડની ધરાને આધ્યાત્મિકતાથી અલંકૃત અને માનવતાનાં મૂલ્યોથી સમૃદ્ધ બનાવી છે. એ બાબત આજે મેં આ મંદિરમાં પ્રત્યક્ષ નિહાળી છે. આ મંદિરમાં હું ઘણી વખત આવ્યો છું, પરંતુ લંડનવાસીઓ માટે આ મંદિર કેન્દ્રસ્થાને છે તેની અનુભૂતિ આજે થઈ.' ગૃહપ્રધાન શ્રીમતી પ્રીતિ પટેલે જણાવ્યું હતું કે સ્થાનિક લોકો માટે નિસડન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તમામ સેવાકીય પ્રવૃત્તિઓ માટે ખડે પગે ઊભું રહે છે તે તેની વિશેષતા છે. એટલું જ નહીં કોરોના મહામારી જેવી વૈશ્વિક આપત્તિમાં પણ આ સંસ્થાએ તેમની અમૂલ્ય સેવાઓ આપી છે. આ મંદિરની અદ્‌ભુત કલાકૃતિઓની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. ◆

અમેરિકાના મિસિસિપી રાજ્યના પાટનગર જેક્સન ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં ઊજવાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કરેલા અપાર પુરુષાર્થથી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અમેરિકાના મિસિસિપી રાજ્યના પાટનગર જેક્સન શહેર ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામ્યું છે. આ મંદિરમાં તા. ૨૪, ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે જેક્સન શહેરમાં અનેક વખત પધારીને સત્સંગને પોષણ આપ્યું હતું. અહીં તા. ૮-૮-૨૦૦૦ના રોજ બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરીને સત્સંગની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય તેવા આશીર્વાદ આપ્યા હતા. સ્વામીશ્રીની પ્રેરણાથી સંતોના નિયમિત વિચરણની સાથે સાથે અહીં સત્સંગસભા, ઉત્સવ, પારાયણ અને વિવિધ સેવાલક્ષી કાર્યક્રમો યોજાતાં રહ્યાં. આમ, સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ થતાં સુવિધાસજ્જ મંદિરની આવશ્યક્તા જણાઈ. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી હરિભક્તો અપાર ઉત્સાહથી મંદિર નિર્માણમાં જોડાયા અને સુંદર મંદિર નિર્માણ પામ્યું.

જેક્સન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૨ ઑક્ટોબર, ૨૦૨૧ના સંધ્યા સમયે કીર્તનભક્તિ યોજાઈ, જેમાં સેંકડો ભક્તોએ લાભ લીધો હતો. બીજા દિવસે મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા જેક્સન શહેરના માર્ગો પર યોજાઈ હતી. વિવિધ કલાત્મક રથમાં

જેક્સન શહેરના મેયર શ્રી લુમુમ્બા અને કાઉન્સિલમેન બ્રાયન ગ્રિઝેલ દ્વારા પ્રમુખસ્વામી મહારાજ માર્ગનું નામાભિધાન...

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ભગવત્સ્વરૂપો વિહર્યા ત્યારે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. સંધ્યા સમયે બાળકો-યુવાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત રહેલા જેક્સન શહેરના મેયર શ્રી ચોકે લુમુમ્બા અને બ્રાયન ગ્રિઝેલે (કાઉન્સિલમેન, જેક્સન) અહીં મંદિરનું નિર્માણ કરવા બદલ સૌને શુભેચ્છા અને આભારની લાગણી પ્રસ્તુત કરી હતી. સાથે સાથે તેઓએ પ્રમુખસ્વામી મહારાજ સ્ટ્રીટનું નામાભિધાન કરીને પ્રમુખસ્વામી મહારાજને હૃદયપૂર્વક ભાવાંજલિ અર્પી હતી.

તા. ૨૪-૧૦-૨૦૨૧ના મૂર્તિસ્થાપન વિધિ ઉત્સવના ઉપક્રમે સંતો, ભક્તો-ભાવિકો તથા અન્ય હિંદુ સંસ્થાઓના અગ્રણીઓની ઉપસ્થિતિમાં વેદોક્ત મહાપૂજા વિધિ યોજાયો હતો. ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તેમજ અન્ય અવતારો અને ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય યજ્ઞવલ્લભદાસ સ્વામી અને સંતોએ કર્યો હતો. આમ, સૌના ભક્તિમય પુરુષાર્થથી પ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે સંપન્ન થયો હતો. ◆

આધ્યાત્મિક પ્રેરણા આપતાં અંગ્રેજી નૂતન ઓડિયો પ્રકાશનો

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું અપ્રતિમ વ્યક્તિત્વ, ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની તેમની અનન્ય ભક્તિ, તેમની ગુણાતીત પ્રતિભા તથા તેઓનાં અદ્‌ભુત કાર્યો સાથે દિવ્ય જીવનની ગાથા ગાતું વિસ્તૃત જીવનચરિત્ર હવે અંગ્રેજીમાં ઉપલબ્ધ છે... સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજનું સંક્ષિપ્ત પરિચયાત્મક પુસ્તક તેમજ પ્રમુખસ્વામી મહારાજને દાયકાઓથી નજીકથી નિહાળનાર સંતોના સ્વાનુભવોને વર્ણવતું 'ડિવાઇન મેમરીઝ' પુસ્તક તથા અન્ય અંગ્રેજી પુસ્તકોની પણ ઓડિયો બુક સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત થઇ ચૂકી છે. **'અક્ષર અમૃતમ્'** એપ પર આ ઓડિયો બુક્સને નિ:શુલ્ક માણો.







ઓસ્ટ્રેલિયાના પાર્લામેન્ટ ભવનમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા દિવાળી અને અન્નકૂટોત્સવની ઉજવણી...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી છેલ્લાં કેટલાંય વર્ષોથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સૌજન્યથી વિદેશની અનેક પાર્લામેન્ટોમાં દિવાળી-અન્નકૂટોત્સવની ઉજવણી ગૌરવપૂર્વક કરવામાં આવે છે. આ વર્ષે ઓસ્ટ્રેલિયામાં બ્રિસ્બેનના ક્વીન્સલેન્ડ પાર્લામેન્ટ હૉલ ખાતે પણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર દ્વારા દિવાળી અને અન્નકૂટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉત્સવની ઉજવણી માટે ચિલ્ડ્રન એન્ડ યુથ જસ્ટિસના પ્રધાન શ્રી લીએન લિનાર્ડ અને મલ્ટિકલ્ચરલ બાબતોના પ્રધાનની સહાયથી આ ઉત્સવની ઉજવણીમાં સરળતા રહી હતી.

તાજેતરમાં વ્યાપેલી કોવિડ-૧૯ની મહામારી દરમ્યાન નિર્ભયપણે અગ્રેસર રહી પીડિતોની સેવા કરનાર આરોગ્ય કર્મચારીઓ, પ્રિન્સેસ એલેકઝાન્ડ્રા હૉસ્પિટલના સ્ટાફ સભ્યો, મેટ્રો સાઉથ હેલ્થ એન્ડ ક્વીન્સલેન્ડ ડિપાર્ટમેન્ટના સેવાનિષ્ઠ લોકોના સન્માન માટે જ આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કોવિડ-૧૯ મહામારી દરમ્યાન સેવા આપનાર સૌ આરોગ્યકર્મીઓને ક્વીન્સલેન્ડના ચીફ હેલ્થ ઑફિસર ડૉ. જીનેટ યંગના હસ્તે દીપકો ભેટ આપવામાં આવ્યા હતા.

સંધ્યા સમયે યોજાયેલા આ સમારોહમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ વગેરે ભગવત્સ્વરૂપો સમક્ષ વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ રચવામાં આવ્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ સમક્ષ વૈદિક પ્રાર્થના તથા શાંતિપાઠનું ગાન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં શ્રી શેનોન ફેન્ટીમેન, શ્રી જ્હોન પોલ લેંગબ્રૂક, ડૉ. જીનેટે યંગ, શ્રીમતી કેટરિના કેરોલ અને શ્રીમતી અર્ચના સિંઘે વક્તવ્યો રજૂ કરીને ઓસ્ટ્રેલિયાની ઉન્નતિમાં ભારતીયોએ આપેલા યોગદાનની પ્રશંસા કરી હતી. વિશેષમાં ક્વીન્સલેન્ડ પાર્લામેન્ટમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા દિવાળી ઉત્સવની ઉજવણી થઈ તેની પણ પ્રશંસા કરી હતી.

આમ, ઓસ્ટ્રેલિયાની પાર્લામેન્ટમાં ભારતીય પરંપરા મુજબ યોજાયેલો આ અન્નકૂટ ઉત્સવ સમારોહ સૌ માટે ગૌરવપ્રદ અને અવિસ્મરણીય સ્મૃતિ સમાન બની રહ્યો. ◆

ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયો અખિલ ભારતીય બાળ-બાલિકા કારિકા મુખપાઠ સન્માન સમારોહ

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનનું પ્રતિપાદન કરતો અદ્વિતીય શાસ્ત્રીય વાદગ્રંથ એટલે 'સ્વામિનારાયણ સિદ્ધાંતસુધા'. દરેક દાર્શનિક પરંપરાનો વાદગ્રંથ હોય છે, જેમાં જે તે દાર્શનિક સિદ્ધાંતના સારરૂપે કેટલાક શ્લોકો રચવામાં આવે છે, જે 'કારિકા' નામથી ઓળખાય છે. 'સ્વામિનારાયણ સિદ્ધાંતસુધા' ગ્રંથમાં તેના રચયિતા પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ ૫૬૫ જેટલી કારિકાઓ રચી છે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં આ કારિકાઓનું ખૂબ મહત્ત્વ છે. કારિકાઓથી સિદ્ધાંતને સમજવામાં, સમજાવવામાં અને તેનો મુખપાઠ કરવામાં અનુકૂળતા રહે છે.

આ કારિકાઓનો સંપૂર્ણ મુખપાઠ કરે છે તેને 'કારિકાજયી'નું બિરુદ આપવામાં આવે છે. ગુરુહરિ મહંત સ્વામી મહારાજને રાજી કરવા માટે બી.એ.પી.એસ. બાળ-બાલિકામંડળના નાના નાના અક્ષરપુરુષોત્તમના બાળવિદ્વાનોએ એક અદ્ભુત અભિયાન ઉપાડ્યું. અને તા. ૨૧-૫-૨૦૨૧થી શરૂ થયો 'સિદ્ધાંતકારિકા મુખપાઠ યજ્ઞ.'

● મુખપાઠ યજ્ઞ

ભારત સહિત ઓસ્ટ્રેલિયા, દુબઈ, કેનેડા વગેરે દેશનાં કુલ ૧૫૭ બાળકો અને ૯૭ બાલિકાઓ મુખપાઠ યજ્ઞમાં ઉમંગથી જોડાયાં. મુંબઈ બાળપ્રવૃત્તિના સંતનિર્દેશક શ્રેયસસેતુદાસ સ્વામીના સતત માર્ગદર્શનમાં આ તમામ બાળ-બાલિકાઓ દરરોજના ૨ કલાક જેટલો સમય કારિકાઓનો મુખપાઠ અને અભ્યાસ માટે ફાળવતા. પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી વગેરે સદ્ગુરુ સંતો અને પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી, પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી, પૂજ્ય આત્મતૃપ્તદાસ સ્વામી વગેરે વડીલ સંતોનું પ્રેરણાસભર સાંનિધ્ય પણ સૌને સાંપડ્યું. માતાપિતા અને કાર્યકરોએ પણ આ તમામ બાળ-બાલિકાઓના મુખપાઠ માટે સતત પુરુષાર્થ અને સહયોગ આપ્યો.

● મુખપાઠ પરીક્ષા

કારિકા મુખપાઠ કરનાર આ તમામ બાળકો અને બાલિકાઓની મુખપાઠ પરીક્ષા સપ્ટેમ્બર મહિનામાં યોજાઈ. ઓનલાઈન માધ્યમથી યોજાયેલી આ પરીક્ષામાં સારંગપુર સંસ્કૃત મહાવિદ્યાલયના તજ્જ્ઞોએ તમામ બાળકો અને બાલિકાઓના મુખપાઠની ઊંડાણપૂર્વક ચકાસણી કરી. પરીક્ષાના અંતે કુલ ૫૨ બાળકોએ 'કારિકાજયી' અને કુલ ૧૫ બાલિકાઓએ 'કારિકાજયિની'ની ઉપાધિ પ્રાપ્ત કરી.

અખિલ ભારતીય કારિકા મુખપાઠ સન્માન સત્ર

અક્ષરપુરુષોત્તમ કારિકા મુખપાઠ યજ્ઞમાં જોડાયેલાં તમામ બાળકો અને બાલિકાઓ માટે સારંગપુર ખાતે તા. ૧૩-૧૦-૨૦૨૧ના દિવસે વિશિષ્ટ સન્માનસત્ર યોજાયું.

જેનું પ્રથમ સોપાન ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રાતઃપૂજામાં યોજાયું. કારિકા મુખપાઠ કરનાર આ બાળકો સ્વામીશ્રીની રુચિ અનુસાર મુંડન અને પરંપરાગત વસ્ત્રોમાં શોભી રહ્યા હતા. આ તમામ બાળકોએ સ્વામીશ્રીની પૂજા દરમિયાન વૈદિક શૈલીમાં કારિકાનું સમૂહગાન કર્યું ત્યારે વાતાવરણમાં અનેરી દિવ્યતા છવાઈ ગઈ હતી. ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આ તમામ બાળ-બાલિકાઓને રૂડા

આશીર્વાદ આપી પ્રોત્સાહિત કર્યાં હતાં.

● વાલી સંમેલન

પોતાનાં સંતાનોને અક્ષરપુરુષોત્તમ કારિકાનો મુખપાઠ કરવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપનાર તમામ વાલીઓનું સંમેલન તા. ૧૩-૧૦-૨૦૨૧ના રોજ સવારે યોજાયું. આ સંમેલનમાં પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી તથા પૂજ્ય આત્મતૃપ્તદાસ સ્વામીએ બાળકોએ કરેલા મુખપાઠનું સાતત્ય જળવાય તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તકે પૂજ્ય ડૉક્ટર સ્વામી તથા પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ તમામ વાલીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

● માતૃસન્માન સમારોહ

અક્ષરપુરુષોત્તમ કારિકાનો મુખપાઠ કરવા માટે તમામ બાળ-બાલિકાઓની માતાઓનું યોગદાન નોંધપાત્ર રહ્યું હતું. તેમના આ પુરુષાર્થને લક્ષ્યમાં રાખીને આ દિવસે બપોરે ‘માતૃસન્માન સમારોહ’ યોજાયો હતો, જેમાં મુખપાઠ કરનાર બાલિકાઓ દ્વારા સ્વાગત નૃત્ય, સમૂહ કારિકા ગાન, સંવાદ, ક્વિઝ વગેરેની વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. કારિકા મુખપાઠ વિજેતા બાળકો અને બાલિકાઓનાં માતાઓનું સન્માન અતિથિ-વિશેષ શ્રી નીતાબહેન શાહ અને શ્રી વેણુબહેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

● અખિલ ભારતીય કારિકા સન્માન સમારોહ

અક્ષરપુરુષોત્તમ કારિકાનો સંપૂર્ણ મુખપાઠ કરનારાં તમામ બાળ-બાલિકાઓનો મુખ્ય સન્માન સમારોહ તા. ૧૩-૧૦-૨૦૨૧ના રોજ સાંજે છ વાગ્યે પ્રમુખવાટિકામાં યોજાયો. સમારંભના પ્રારંભમાં સમૂહ કારિકાગાન અને મુખપાઠ કરનાર બાળ-બાલિકાના પ્રેરણાદાયી પ્રસંગોની રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ અને કારિકાજયી બાળકોનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું. આ બાળકોએ કરેલી

અદ્‌ભુત શાસ્ત્રચર્ચા અને તેઓની પરિસ્થિતિ દર્શાવતા ઈન્ટરવ્યૂથી સૌ દર્શકો મંત્રમુગ્ધ બન્યા હતા. વિવિધ માધ્યમોથી ગુરુહરિ મહંત સ્વામી મહારાજે બાળકોના મુખપાઠની ચકાસણી કરી. બાળકોએ કરેલા મુખપાઠની અદ્‌ભુત રજૂઆતથી ગુરુહરિ અત્યંત રાજી થયા અને તે સૌ બાળકોને વિવિધ પ્રસાદ અને ઇનામો આપી રાજી કર્યા.

સમારોહના અંતે ગુરુહરિ મહંત સ્વામી મહારાજે અંતરના આશીર્વાદ પાઠવતાં કહ્યું હતું કે, ‘આ ભવ્ય કાર્યક્રમ થયો. બંદૂક ફૂટે તેમ બધા બાળકો બોલે છે. બ્રેક મારવી પડે એવું છે. બહુ સુંદર કાર્ય થયું છે. હવે બધાં બાળકો અભ્યાસ ખૂબ સારી રીતે કરે. સંસ્કૃત ભાષામાં મુખપાઠ કર્યો એટલે હવે અભ્યાસ સરળ થઈ જશે. આ મુખપાઠ તો આધ્યાત્મિક વિદ્યા છે. તેનાથી તમે મોક્ષ પામશો. પણ હવે આ લોકની વિદ્યા એટલે કે અભ્યાસ સારી રીતે કરવો અને તેમાં પારંગત થવું.’

સમારોહના અંતમાં દરેક ‘કારિકાજયી’ બાળકોને તથા ‘કારિકાજયિની’ બાલિકાઓના પિતાશ્રીને પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વડીલ સંતોએ સ્મૃતિભેટ, પ્રમાણપત્ર અને પ્રસાદ આપી વધાવ્યા હતા. આમ, તમામ બાળકો અને બાલિકાઓએ કારિકા મુખપાઠ દ્વારા અક્ષરપુરુષોત્તમ દર્શનનો અપૂર્વ જયઘોષ કરી ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. ◆

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ સારંગપુર દર્શને

તા. ૧-૧૧-૨૦૨૧ના રોજ ભારતના કેન્દ્રીય ગૃહપ્રધાન શ્રી અમિતભાઈ શાહ પોતાના અતિ વ્યસ્ત કાર્યક્રમ વચ્ચે પણ બી.એ.પી.એસ. મંદિર, સારંગપુરનાં દર્શને પધાર્યા હતા. મંદિરનાં દ્વારે તેઓને સંતોએ પુષ્પહારથી સત્કાર્યા હતા. ગૃહપ્રધાનશ્રીએ પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ-મંદિરે પધારીને પુષ્પાંજલિ અર્પણ કરી, પ્રદક્ષિણા કરી પ્રાર્થના કરી હતી. અહીંથી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શન કરીને તેઓએ દેશની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. આ મંદિરમાં સ્થિત સંત તાલીમ કેન્દ્રના સંતો સાથે પણ તેમણે ગોષ્ઠિ કરી હતી. સંતોએ તેઓના સુસ્વાસ્થ્ય માટે તથા દેશની ઉન્નતિ માટે પ્રાર્થના કરી હતી.

લંડનના હરિભક્તો દ્વારા યોજાઈ - પદયાત્રા

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ તથા પૂજ્ય મહંત સ્વામી મહારાજના ૮૮મા જન્મજયંતી ઉત્સવના ઉપક્રમે તા. ૧૧-૯-૨૦૨૧ના રોજ લંડનના ભક્તો દ્વારા ચિગવેલથી નિસડન મંદિર સુધી પદયાત્રા યોજાઈ હતી. જેમાં નાના બાળકોથી લઈને ૭૩ વર્ષના વડીલ ભક્તો જોડાયા હતા. સવારે ૮:૦૦ વાગ્યે ચિગવેલથી આ પદયાત્રાનો આરંભ થયો હતો. પદયાત્રાના માર્ગમાં કીર્તનોની રમઝટ બોલાવતાં બોલાવતાં ૧૦ કલાક બાદ પદયાત્રીઓ નિસડન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે પહોંચ્યા હતા. અહીં સંતોએ સૌનું સ્વાગત કર્યું હતું. આમ, સૌએ પદયાત્રા કરીને વિશિષ્ટ ભક્તિ અદા કરી હતી.

ભારતના પેટ્રોલિયમ મંત્રી અબુધાબી મંદિરનાં દર્શને

તાજેતરમાં ભારતના પેટ્રોલિયમ, નેચરલ ગેસ, હાઉસિંગ અને અર્બન અફેર્સ મંત્રી શ્રી હરદીપસિંહ પુરી અબુધાબીમાં નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની મુલાકાતે પધાર્યા હતા. તેઓનું અહીં ભારતીય પરંપરા મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું. અહીંનું કાર્ય નિહાળ્યા બાદ તેઓએ જણાવ્યું હતું કે વિશ્વ એક કુટુંબ છે તેવી ભારતીય સંસ્કૃતિની ભાવનાને આ મંદિર પ્રતિબિંબિત કરતું રહેશે. પ્રત્યેક ધર્મ વચ્ચે સહિષ્ણુતા અને સંવાદિતા જળવાઈ રહે તેની વિશ્વને ખૂબ જરૂર છે. તે માટે બી.એ.પી.એસ. સંસ્થા અદ્‌ભુત કાર્ય કરી રહી છે. આ પ્રસંગે તેઓશ્રીએ મંદિરના શિલાસ્થાપનનો લાભ પણ પ્રાપ્ત કર્યો હતો.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

ભારતના વિદેશપ્રધાન અબુધાબી અને સુદાન ખાતેના બી.એ.પી.એસ. મંદિરની દર્શન-મુલાકાતે

તા. ૨૭-૧૦-૨૦૨૧ના રોજ ભારતના રાજ્યકક્ષાના વિદેશ પ્રધાન શ્રી વી. મુરલીધરન્ અબુધાબી બી.એ.પી.એસ. હિંદુ મંદિરની મુલાકાતે પધાર્યા હતા. અહીં નિર્માણાધીન મંદિર પરિસરમાં રચાયેલા ‘રિવર્સ ઓફ હાર્મની એક્ઝિબિશન’ની મુલાકાત લઈને તેઓએ વૃક્ષારોપણ કર્યું હતું. ત્યારબાદ તેઓએ કહ્યું કે ‘આ મંદિર વૈશ્વિક સંવાદિતા, ધાર્મિક એકતા અને સનાતન ધર્મની યુગો પુરાણી સંસ્કૃતિનું અદ્‌ભુત સ્થાન બની રહેશે. આ મંદિર પ્રત્યેક મુલાકાતીઓને ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતું રહેશે. અને સમસ્ત માનવજાત પર આશીર્વાદ સમાન બની રહેશે.’

અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ તા. ૨૨-૧૦-૨૦૨૧ના રોજ આફ્રિકા ખંડમાં દક્ષિણ સુદાનમાં જુબા ખાતે આવેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની દર્શન-મુલાકાતે પણ પધાર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી જુબા ખાતે મંદિરના ટ્રસ્ટીશ્રીઓએ તથા અન્ય વડીલ ભક્તોએ ભારતીય પરંપરા મુજબ સ્વાગત કર્યું હતું. મંદિરમાં દર્શન કર્યાં બાદ તેઓએ શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિ પર જળાભિષેક કરીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

લંડનમાં યોજાયેલી ઇન્ટરફેઇથ ચેરિટી રનમાં જોડાયા બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો

તા. ૩૦-૮-૨૦૨૧ના રોજ લંડન ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના હરિભક્તો બાર્નેટ સ્ટોનએક્સ સ્ટેડિયમ, લંડનમાં આયોજિત ઈન્ટરફેઈથ ચેરિટી રનમાં જોડાયા હતા. આ ઈન્ટરફેઈથ રનનો હેતુ એ જ હતો કે વિભિન્ન ધર્મના લોકો સાથે મળે, એકતા સધાય. આ કાર્યક્રમમાં ૩૪ જેટલી સંસ્થાઓ જોડાઈ હતી. કેટલીક સંસ્થાઓ તો ભારતના હૈદરાબાદ જેવાં દૂર શહેરોમાંથી પણ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ હતી.

આ ઈન્ટરફેઈથ રન કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય ફૂડ કોર્ટ, પ્રાર્થના સ્થળ, વિવિધ પ્રદર્શન ખંડો, વગેરે રચવામાં આવ્યાં હતાં. સાથે દોડવીરો માટે સંગીત, નૃત્ય, વાર્તાકથન વગેરે કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આ પ્રસંગે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવન સંદેશ – ‘બીજાના ભલામાં આપણું ભલું’ સાથે સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિનું નિદર્શન કર્યું હતું. વિવિધ પોસ્ટર્સ દ્વારા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં સેવાકીય કાર્યોનો પરિચય સૌને કરાવાયો હતો. સાથે સાથે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ૨૦૦ જેટલા સહભાગીઓના ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આમ, ઈન્ટરફેઈથ રનમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ જોડાઈને સર્વધર્મ સમભાવની ઉક્તિ તાદૃશ કરાવી હતી.

ભક્તરાજ શ્રી જસબીરસિંહ સાહની, દુબઈ, ઉં.વ. ૭૫, અક્ષરવાસ તા. ૧૪-૧૧-૨૦૨૧

ગલ્ફ દેશોના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગના સ્તંભ સમાન અગ્રણી ભક્તરાજ શ્રી જસબીરસિંહજી સાહનીના અક્ષરવાસથી સંસ્થાને એક અપૂરણીય ખોટ પડી છે. મૂળ જન્મે અને ધર્મે શીખબંધુ રહેલા આ ભક્તરાજ હાલના પાકિસ્તાનમાં જન્મ્યા હતા. આઝાદીની કપરી પળોમાં પાકિસ્તાનથી એક વર્ષની ઉંમરે માતા-પિતાની સાથે શરણાગત તરીકે તેઓ ભારતમાં દિલ્હી આવ્યા અને દિલ્હીમાં જ ભણી-ગણીને ઈજનેર થયા. ખડગપુર આઈ.આઈ.ટી.માંથી એન્જિનિયરિંગ અને કેલિફોર્નિયા યુનિવર્સિટીમાંથી કન્સ્ટ્રક્શન મૅનેજમૅન્ટનો અભ્યાસ કરીને તેઓ વિવિધ ઉચ્ચ હોદ્દાઓ પર જુદી જુદી કંપનીઓમાં ફરજ બજાવતા રહ્યા. સન ૧૯૯૫માં તેમની કંપનીના પારસી એન્જિનિયરને શ્રી અસ્પી પાત્રાવાલા દ્વારા જસબીરસિંહજીને પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગનો યોગ થયો. તેમનાં પૂર્વનાં પુણ્ય જાણે જાગી ગયાં ! અને તેમને અનુભવાયું કે બાળપણમાં ગુરુનાનક સાહેબની ગુરુવાણી સાંભળીને જે મોક્ષપ્રદ ગુરુ મેળવવાની ઝંખના જાગેલી તે જ આ ગુરુ પ્રમુખસ્વામી મહારાજ છે. તેઓ મનોમન પ્રમુખસ્વામી મહારાજના ભક્ત બની ગયા અને પળભરમાં જ જીવનપરિવર્તન કરીને એક આદર્શ સ્વામિનારાયણીય હરિભક્ત બની ગયા. બે વર્ષ પછી સન ૧૯૯૭માં પ્રમુખસ્વામી મહારાજનાં પ્રથમ દર્શન દુબઈમાં થયાં ત્યારે તેમના મુખેથી ગુરુનાનક સાહેબનું પ્રસિદ્ધ પદ સરી પડ્યું: *'મેરા સુંદર સ્વામીજી, હૌં ચરણકમલ પગ છારા...'* સ્વામીશ્રીનાં દર્શન થયાં તે પૂર્વે જ મનોમન સ્વામીશ્રીમાં એવા જોડાઈ ગયા હતા કે જાણે સ્વામીશ્રી અખંડ તેમની સાથે હોય તેવી અનુભૂતિ થતી હતી. એમાંય તેઓ નિત્ય ચેષ્ટાગાન કરે ત્યારે એવા તલ્લીન થઈ જતા કે એક વખત પ્રમુખસ્વામી મહારાજ બોલી ઊઠ્યા હતા કે 'અમે નિત્ય તમારી ચેષ્ટા સાંભળવા આવીએ છીએ.'

સન ૧૯૯૭માં જ સ્વામીશ્રી તેઓના ઘરે બાહરીનમાં પધાર્યા ત્યારે તેમની સાથે ચેષ્ટાગાન કરીને તેમને દિવ્ય સ્મૃતિ આપી હતી. સત્સંગ થયા બાદ તેઓએ બાહરીનમાં અને દેશ-વિદેશમાં સ્વામિનારાયણીય સત્સંગના પ્રસારમાં એક સમર્પિત ભક્ત તરીકે અદ્વિતીય સેવાઓ આપી હતી. પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અનુસાર અબુધાબી ખાતે મંદિરનિર્માણનું કાર્ય આરંભાયું ત્યારે મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી પોતાની ઉજ્જ્વળ પદ-પ્રતિષ્ઠા છોડીને સેવામાં હોમાઈ ગયા. તેઓએ આ મંદિરનિર્માણના પ્રૉજેક્ટ ડાઈરેક્ટર તરીકે નિઃસ્વાર્થપણે સેવાઓ આપી એટલું જ નહીં, માતબર રકમનું દાન પણ કર્યું. પોતાનો વિશાળ સુવિધાસજ્જ બંગલો છોડીને એક સામાન્ય એપાર્ટમેન્ટમાં જાતે રસોઈ કરીને એકલા રહીને તેમણે મંદિરનિર્માણનું સૂત્ર ખૂબ સક્ષમતાપૂર્વક સંભાળ્યું. સૌનો પ્રેમ અને સૌનાં દિલ જીતીને એક અદના દાસ તરીકે સેવા કરતા શ્રી જસબીરસિંહજીનું એક જ લક્ષ્ય હતું કે અબુધાબીમાં મંદિરનિર્માણનું સ્વામીશ્રીનું કાર્ય શીઘ્રતાથી શ્રેષ્ઠ રીતે પૂર્ણ થાય. એ માટે તેઓએ આર્કિટેક્ટથી લઈને કારીગર વર્ગ સુધી, સૌ સાથીઓમાં સીંચેલો ઉત્સાહ, સૌને કરાવેલી નિષ્ઠા અને સમર્પણભાવ સદા સ્મરણીય રહેશે. તેઓની ઉપસ્થિતિ સૌમાં ચેતનાનો સંચાર કરી દેતી હતી. ગુરુ પ્રત્યેની અનન્ય પ્રેમ-સમર્પણ ભક્તિના રંગે રંગાયેલા જસબીરસિંહજીને જોતાં જ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ પ્રસન્નતાથી ખીલી ઊઠતા હતા. ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો પણ તેમના પર એવો જ પ્રેમ વરસતો હતો. શ્રી જસબીરસિંહજીની અચાનક વિદાયથી પડેલી ખોટ સદા અપૂરણીય રહેશે. આવા સંનિષ્ઠ સેવા-ભક્તિ-સમર્પણના સરદાર ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ.

ભક્તરાજ શ્રી જશવંતસિંહ રાયસિંહ ગોહિલ, બદલપુર, ઉં.વ. ૬૦, અક્ષરવાસ તા. ૧૬-૪-૨૦૨૧

બદલપુર સત્સંગમંડળના નિષ્ઠાવાન હરિભક્ત શ્રી જશવંતસિંહ ગોહિલ અને તેઓના પરિવારે બદલપુર ખાતે રચાયેલા ત્રણેય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નિર્માણને અર્થે ભૂમિદાન કર્યું હતું. તેઓએ વર્ષો સુધી બદલપુર ક્ષેત્રમાં અગ્રણી કાર્યકર તરીકે તથા બદલપુર મંદિરમાં વિવિધ સેવાઓ કરીને સત્સંગની અભિવૃદ્ધિમાં વિશેષ યોગદાન આપ્યું હતું. બદલપુર મંદિરમાં વિવિધ નિઃસ્વાર્થ સેવા આજીવન કરી હતી. વ્યવસાયે શિક્ષક હોવાથી શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે પણ યશસ્વી કામગીરીને કરીને બહુમાનો પ્રાપ્ત કર્યાં હતાં. બદલપુર ક્ષેત્રમાં ગામડે ગામડે સત્સંગના સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને સત્સંગનો ઉદ્‌ઘોષ કરવાની સેવા કરી હતી. આમ બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રી જશવંતસિંહના અક્ષરવાસથી બદલપુર સત્સંગ ક્ષેત્રને એક સંનિષ્ઠ ભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

ભક્તરાજ શ્રી હરિભાઈ પ્રભાતસિંહ સોલંકી, બદલપુર, ઉં.વ. ૯૨, અક્ષરવાસ તા. ૨૩-૪-૨૦૨૧

બદલપુર ક્ષેત્રના પાયાના ભક્તરાજ શ્રી હરિભાઈ સોલંકીનું બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે નામકરણ કર્યું હતું. યુવાવસ્થામાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સાથે અનાજ ધર્માદા અને પધરામણીઓમાં સાથે ફરીને તેઓ શાસ્ત્રીજી મહારાજને ખૂબ રાજી કરતા હતા. અક્ષરપુરુષોત્તમની ખુમારી સાથે તેઓ વર્ષો સુધી બદલપુર અને આજુબાજુનાં ૨૦ ગામોમાં ચાલીને સત્સંગસભા અને સત્સંગ પ્રસારાર્થે જતા અને બદલપુરમાં સંતો પધારે ત્યારે રસોઈની સેવા ભક્તિભાવપૂર્વક કરતા હતા. બદલપુરમાં નિર્માણ પામેલા દ્વિતીય અને તૃતીય બી.એ.પી.એસ. મંદિરમાં વિશેષ સેવા-સમર્પણ કરીને ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓના અક્ષરવાસથી બદલપુરના સત્સંગમંડળને સેવાભાવી હરિભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

ભક્તરાજ શ્રી ડાભઈભાઈ બુધાભાઈ પરમાર, ખીજલપુર, ઉં.વ. ૬૦, અક્ષરવાસ તા. ૧-૬-૨૦૨૧

ખેડા જિલ્લાના ખીજલપુર સત્સંગમંડળના નિષ્ઠાવાન હરિભક્ત શ્રી ડાભઈભાઈ પરમારને ઉત્સવોમાં નિઃસ્વાર્થભાવે સેવા કરતા હજારો હરિભક્તોને જોઈને સત્સંગનો રંગ લાગ્યો હતો, જે ઉત્તરોત્તર ચઢતો ને ચઢતો જ રહ્યો હતો. વર્ષો સુધી અગ્રણી કાર્યકર તરીકે સેવારત રહીને ગામમાં બી.એ.પી.એસ. મંદિર નિર્માણમાં તન, મન અને ધનથી સમર્પણ કર્યું હતું. સત્સંગમય જીવન, નિર્માની અને મળતાવડા સ્વભાવ થકી આજુબાજુનાં ગામોમાં પણ કથાવાર્તા કરીને સત્સંગને પોષણ આપીને ગુરુવર્યોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

ભક્તરાજ શ્રી સુરેશભાઈ રણછોડભાઈ પટેલ, સુરત, ઉં.વ. ૬૮, અક્ષરવાસ તા. ૧૭-૮-૨૦૨૧

પાદરા તાલુકાના ગવાસદના વતની અને સુરતના અમરોલી વિસ્તારમાં સ્થાયી થયેલા શ્રી સુરેશભાઈને સન ૧૯૯૨માં સત્સંગનો યોગ થયો હતો. ત્રણ વર્ષ બાદ અમરોલીમાં સત્સંગમંડળમાં સંચાલક અને ત્યારબાદ અગ્રણી કાર્યકર તરીકે પણ વર્ષો સુધી સત્સંગસેવા કરી હતી. સુરતના અમરોલી વિસ્તારમાં હરિભક્તોના સતત સંપર્કમાં રહી તેઓનાં સુખ-દુઃખના પ્રસંગોમાં સહભાગી થઈને સૌમાં સત્સંગ અને નિષ્ઠાનું સિંચન કરવામાં ખૂબ જ પુરુષાર્થ કર્યો હતો. અનેક શારીરિક કષ્ટો વચ્ચે પણ અનન્ય નિષ્ઠા અને સમર્પણથી સત્સંગ અભિવૃદ્ધિની દરેક સેવામાં તત્પર રહીને ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કરનાર તેઓશ્રીને ભાવભીની શ્રદ્ધાંજલિ.

ભક્તરાજ શ્રી વાસુદેવભાઈ આશાભાઈ પટેલ, ભાટપુરા, ઉં.વ. ૬૦, અક્ષરવાસ તા. ૨૪-૫-૨૦૨૧

ખેડા જિલ્લાના ભાટપુરાના વતની અને નિષ્ઠાવાન હરિભક્ત શ્રી વાસુદેવભાઈ પટેલ સન ૧૯૬૧માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના વરદ હસ્તે કંઠી ધારણ કરીને સત્સંગના યોગમાં આવ્યા હતા. વલ્લભ વિદ્યાનગર ખાતે સંસ્થાના છાત્રાલયમાં રહીને સ્નાતક થયા બાદ સન ૧૯૭૮થી ઉમરેઠ ક્ષેત્રમાં કાર્યકર તરીકે જોડાઈ ગયા. નિયમધર્મયુક્ત જીવનની સાથે સાથે દરેક ઉત્સવમાં સેવા તેમજ અધિવેશનમાં ભાગ લઈને, સત્સંગશિક્ષણની દરેક પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. વ્યવસાયે શિક્ષક હોવાથી ધર્મગ્રંથો અને સત્સંગ ગ્રંથોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસના તેઓના જીવમાં વણાઈ ગઈ હોવાથી અનન્ય કેફથી સભામાં તેમજ સંપર્કમાં આવતા દરેકને નિષ્ઠાનો રંગ ચડાવતા હતા. આજીવન સેવારત રહેનાર તેઓશ્રીના અક્ષરવાસથી એક સેવાભાવી હરિભક્તની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.

ભક્તરાજ શ્રી પ્રવીણચંદ્ર લલ્લુભાઈ પટેલ, શાર્લોટ(યુ.એસ.એ.), ઉં.વ. ૭૧, અક્ષરવાસ તા. ૧૧-૫-૨૦૨૧

મૂળ દક્ષિણ ગુજરાતના દોણજાના વતની અને અમેરિકામાં સ્થાયી થયેલા શ્રી પ્રવીણચંદ્ર પટેલે સન ૧૯૮૮થી અમેરિકામાં વિવિધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં તન, મન અને ધનથી સેવા કરીને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. દોણજામાં બી.એ.પી.એસ. મંદિર અર્થે ભૂમિદાન કરીને સત્સંગની તેમણે વિશેષ સેવા કરી હતી. તેમના વિશાળ પરિવારમાં સત્સંગનું એવું સિંચન કર્યું કે પરિણામે આજે કુટુંબના દરેક સભ્ય સત્સંગની વિવિધ સેવાઓમાં સમર્પિત થઈ ગયા છે. આવા સમર્પણનિષ્ઠ ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ.

વજ્રાસન

યોગ, વ્યક્તિને ભગવાનમાં જોડવાની એક પ્રક્રિયા છે. જેનું એક મહત્ત્વનું પગથિયું છે - આસન, જે શરીરને સ્થિરતા આપે, મનને શાંતિ આપે, સ્વાસ્થ્યની વૃદ્ધિ અને તન-મનની સ્ફૂર્તિ આપે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ નિયમિત યોગ-પ્રાણાયામ કરીને પ્રેરણા આપતા. સાધુ અક્ષરજીવનદાસ દ્વારા લિખિત 'યોગ દ્વારા આરોગ્ય' પુસ્તકના આધારે 'પ્રકાશ'માં માણીએ યોગની કેટલીક રજૂઆતો.

પ્રભાવ :

● આ આસન ઘૂંટણમાં આમવાતના કારણે થતી પીડા અને 'ગાઉટ'ને દૂર કરે છે.

● આ આસનથી એડીનું દર્દ મટે છે. આંખોની જ્યોતિ વધે છે. શરીર વજ્ર જેવું મજબૂત બને છે.

● આ આસન ભોજન પછી પણ તત્કાળ કરી શકાય છે. આનાથી પેટનાં દર્દ દૂર થઈ જાય છે.

● શરીરમાં રક્તસંચાર બરાબર થવાથી દેહ નીરોગી અને સુંદર બને છે. જમ્યા પછી તરત આ આસનમાં ૧૫ મિનિટ બેસવાથી ખોરાક જલદી પચે છે.

● આ એક આસન એવું છે કે જે જમ્યા પછી કરવાથી પણ લાભદાયી નીવડે છે. શરીર વજ્ર જેવું ખડતલ બને છે. પાચનશક્તિ સુદૃઢ થાય છે. ખોરાક જેને ન પચતો હોય તેમણે જમ્યા પછી આ આસન અવશ્યપણે કરવું જોઈએ. સર્વે રોગા ઉદરમ્ આશ્રયન્તિ - એ ન્યાયે પેટના રોગોનું મૂળ અપચો છે. તે અપચાને ભગાવનારું આ સરળ આસન કરવાથી અનેક દૃષ્ટિએ સ્વાસ્થ્યની સુખાકારી થાય છે.

પ્રયોગ :

● બંને ઘૂંટણ જમીન ઉપર ટેકવો. શ્વાસ ભરો. બંને પગને પાછળ વાળો અને બંને પગનાં તળિયાંને એકબીજાં પર ગોઠવીને તેના પર બેસી જાઓ. શ્વાસ છોડો.

● બંને હાથના પંજા બંને ગોઠણ પર મૂકી દો. દૃષ્ટિ બરાબર સીધી રેખામાં રાખો. શ્વાસ ભરો. બંને હાથની હથેળીઓ બંને ઢીંચણ ઉપર દબાવ આપીને શ્વાસ કાઢો.

● ઉડ્ડીયાનબંધની સ્થિતિ બાંધો. શ્વાસ ભરીને સામાન્ય સ્થિતિમાં બેસી જાઓ. આકાશ તરફ કરોડરજ્જુ સીધી તાણો. ટટ્ટાર બેસો. શ્વાસોચ્છ્વાસ સામાન્ય કરી નાંખો. (ભોજન કર્યા પછી આ આસન કરવામાં આવે ત્યારે શ્વાસ-ઉચ્છ્વાસથી પેટ વધારે અંદર ન જાય તેની કાળજી રાખવી.)





ગોંડલમાં તીર્થરાજ અક્ષરમંદિરમાં બિરાજમાન પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે દીપાવલિ-અન્નકૂટોત્સવ પર્વ ભક્તિભાવપૂર્વક ઊજવ્યું. દીપાવલિના પવિત્ર દિને અક્ષરમંદિરમાં ચોપડાપૂજન-શારદાપૂજન કરીને સ્વામીશ્રીએ દેશ-વિદેશના તમામ ભક્તો-ભાવિકો પર આશીર્વાદ વરસાવ્યા. સ્વામીશ્રીએ પ્રાર્થના કરી કે નૂતન વર્ષ સૌ માટે સુખદાયક, શાંતિદાયક, વરદાયક નીવડે તેમજ સૌમાં ભક્તિ-નિયમ-ધર્મ-સત્સંગની વિશેષ દૃઢતા થાય. (તા. ૪-૧૧-૨૦૨૧)

Swaminarayan Prakash Gujarati, December-2021, Published on 1-12-2021. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.

લંડનમાં ઇંગ્લેન્ડના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન તથા ગૃહમંત્રીશ્રી અન્નકૂટોત્સવનાં દર્શને...

લંડન ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા નિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના જગવિખ્યાત અન્નકૂટોત્સવ પર્વે ઠાકોરજીનાં દર્શને આવીને બ્રિટિશ વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણે ભાવવંદના કરી હતી. કોવિડની આપત્તિ વેળાએ સેવા કરનારા સંસ્થાના સ્વયંસેવકોને બિરદાવીને તેઓએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની સ્મૃતિ કરીને આ મંદિરને બ્રિટનનું એક અનોખું નજરાણું ગણાવ્યું હતું.

Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas